# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 02-08-2026 I VOL : 12 I Issue : 138 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


**સુવિચાર**

દરેક દિવસ નવી શરૂઆત છે. તમારી મર્યાદા તમે જ નક્કી કરો છો.


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008



3 
વિકાસના ગુબ્બારા ફૂટ્યા! સુરતમાં કરોડોની મશીનરીઓ પાણીમાં ગરકાવ...

4 
સુરતના યુવા કાર્યકર્તાથી લઈને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી સુધી...

6 
કિયારા અડવાણીએ 'Toxic'માં પોતાના પાત્ર અંગે ખોલ્યું રહસ્ય


7 
વનડે વર્લ્ડકપ પહેલા ટીમ ઈન્ડિયામાં ભુવનેશ્વરનું કમબેક?


# બોમ્બ કેવી રીતે બનાવવો? વિદ્યાર્થી પાસેથી તેની-રીત લખેલી ચિઠ્ઠી મળતા હડકંપ મચ્યો

## અયોધ્યાની મેડિકલ કોલેજમાં હડકંપ, સુરક્ષા એજન્સીઓ એલર્ટ

અયોધ્યા

ઉત્તર પ્રદેશના અયોધ્યા જિલ્લામાં આવેલા રાજર્ષિ દશરથ મેડિકલ કોલેજમાંથી એક અત્યંત ચોંકાવનારો અને ગંભીર મામલો સામે આવ્યો છે. શનિવારે સવારે કોલેજના એક્સ-રે વિભાગના એક ડ્રોઅરમાંથી બોમ્બ બનાવવાની કથિત પદ્ધતિ સાથે સંબંધિત એક શંકાસ્પદ દસ્તાવેજ મળી આવ્યો. મામલો સામે આવતા જ કોલેજ પ્રશાસને તરત જ પોલીસને તેની જાણ કરી. આ પછી સુરક્ષા એજન્સીઓ અને પોલીસ તરત જ તપાસમાં લાગી ગઈ છે. માહિતી




અનુસાર, આ આખી ઘટના શનિવારે સવારે લગભગ આઠ વાગ્યે સામે આવી. એક્સ-રે વિભાગના ઈન્ચાર્જ સવારે પોતાની રૂટિન ડ્યુટી સંભાળવા પહોંચ્યા. તેમણે ત્યાં એક ડ્રોઅર ખોલ્યું, તો તેમના હોશ ઉડી ગયા. બોમ્બ બનાવવાની રીત અને લેઆઉટ ડ્રોઅરની અંદર એક કાગળ રાખેલો હતો.

તેના પર કથિત રીતે બોમ્બ બનાવવાની આખી રીત અને તેનું લેઆઉટ બનાવેલું હતું. ઈન્ચાર્જે વિલંબ કર્યા વિના આ શંકાસ્પદ દસ્તાવેજની જાણ મેડિકલ કોલેજના પ્રિન્સિપાલ અને મુખ્ય ચિકિત્સા અધિક્ષક ડો. અરવિંદ સિંહને કરી. મામલાની ગંભીરતાને જોતા CMS ડો. અરવિંદ સિંહે તરત જ સ્થાનિક પોલીસને ફોન કર્યો અને સમગ્ર મામલાની જાણકારી આપી. પ્રાથમિક તપાસ અને પૂછપરછમાં આ વાત સામે આવી છે કે શુક્રવારની રાત્રે એક્સ-રે રૂમમાં ફર્સ્ટ યરના એક વિદ્યાર્થીની ડ્યુટી હતી. આ વિદ્યાર્થીનું નામ સરફરાઝ જણાવવામાં આવી રહ્યું છે. તે ઉત્તર પ્રદેશના જ બલરામપુર જિલ્લાનો રહેવાસી છે. પોલીસને આશંકા છે કે રાતની ડ્યુટી દરમિયાન આ લેઆઉટ આ જ વિદ્યાર્થીએ તૈયાર કર્યું હતું અથવા તે તેમાં સામેલ હોઈ શકે છે. માહિતી મળતા જ પોલીસની એક સ્પેશિયલ ટીમ મેડિકલ કોલેજ પહોંચી અને શંકાસ્પદ દસ્તાવેજને પોતાના કબજામાં લઈ લીધો.

# કાશ્મીરમાં છત્તીસગઢના મજૂરોની નામ પૂછીને હત્યા

## લશ્કર આતંકવાદી પર શંકા; અનંતનાગમાં કોન્સ્ટેબલની હત્યામાં પણ તેનું નામ આવ્યું હતું

કુલગામ

દક્ષિણ કાશ્મીરના કુલગામમાં 2 હિંદુ મજૂરોની હત્યા આતંકવાદી સંગઠન ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટના આતંકવાદીઓએ કરી છે. આ માહિતી ગુપ્તચર સૂત્રોએ આપી છે. આ ફ્રન્ટ લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલું છે. સૂત્રોએ જણાવ્યું કે આ ઘટનાને આતંકવાદી મોહમ્મદ લતીફે અંજામ આપ્યો છે. આ જ આતંકવાદીએ 22 જુલાઈના રોજ અનંતનાગમાં હેડ કોન્સ્ટેબલ આશિક હુસૈન કુરેશીની લાલ ચોક વિસ્તારમાં ગોળી મારીને હત્યા કરી હતી. શુક્રવારે રાત્રે લગભગ 8:30 વાગ્યે કુલગામના કેલામમાં આતંકવાદીઓએ ઈંટ-ભઠ્ઠા પર કામ કરી રહેલા 2 હિંદુ મજૂરોને નામ પૂછીને ગોળી મારી દીધી. પોલીસને આ માહિતી ઘટનાસ્થળે હાજર અન્ય મજૂરોએ આપી. બંને મૃતક છત્તીસગઢના રહેવાસી હતા. આ હત્યાઓ પહેલગામ જેવા પેટર્ન પર કરવામાં આવી હતી. 22 એપ્રિલ 2025ના રોજ પહેલગામમાં આતંકવાદી હુમલો થયો હતો. તેમાં આતંકવાદીઓએ 26 પર્યટકોને તેમનો ધર્મ પૂછીને મારી નાખ્યા હતા. રિપોર્ટ્સ અનુસાર, લતીફ અને તેનો સાથી મોટરસાઈકલ પર પ્રવાસી મજૂરો પાસે પહોંચ્યા હતા. તેમણે ઓળખપત્રો તપાસ્યા અને ખૂબ નજીકથી ગોળીબાર કર્યો. સ્થાનિક લોકોના મતે, તેમણે 10-12 રાઉન્ડ ફાયરનો અવાજ સાંભળ્યો.

# GST કલેક્શનમાં બમ્પર ઉછાળો: જુલાઈમાં રેકોર્ડ 2.11 લાખ કરોડ રૂપિયાથી વધુનું કલેક્શન

નવી દિલ્હી

ભારતમાં આર્થિક ગતિવિધિઓ અને ખરીદીમાં મોટો ઉછાળો આવવાથી સરકારની આવકમાં જબરદસ્ત વધારો થયો છે. જુલાઈ 2026માં દેશનું ગ્રોસ જીએસટી (GST) કલેક્શન 15.4%ના વધારા સાથે 2.11 લાખ કરોડના સ્તરે પહોંચી ગયું છે. છેલ્લા 14 મહિનામાં ટેક્સ સંગ્રહમાં જોવા મળેલો આ સૌથી ઝડપી ગ્રોથ છે. ચાલુ નાણાકીય વર્ષ 2026-27માં આ બીજી વખત બન્યું છે જ્યારે કોઈ એક જ મહિનામાં જીએસટી કલેક્શન 2 લાખ કરોડનો આંકડો પાર કરી ગયું હોય, જે દેશની મજબૂત આર્થિક સ્થિતિ દર્શાવે છે. આયાત અને ઘરેલુ આવકમાં બમ્પર વધારો આંકડાઓ પર નજર કરીએ તો, જુલાઈ મહિનામાં ઘરેલુ જીએસટી આવક 10.1% વધીને 1.45 લાખ કરોડ રૂપિયા નોંધાઈ છે, જે ગયા વર્ષના સમાન મહિનામાં 1.31 લાખ કરોડ રૂપિયા હતી. બીજી તરફ, આયાત પરના જીએસટી કલેક્શનમાં 28.8%નો ભારે ઉછાળો જોવા મળ્યો છે અને તે વધીને 66,511 કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. આ બંને મોરચે થયેલા વધારાના પરિણામે કુલ ગ્રોસ જીએસટી કલેક્શન 2.11 લાખ કરોડ રૂપિયાના ઊંચા સ્તરે પહોંચવામાં સફળ રહ્યું છે.

# આંધ્ર પ્રદેશમાં નવા એરપોર્ટનું PMએ લોકાર્પણ કર્યું

## PM મોદીએ કહ્યું- અગાઉ માત્ર એક જ પરિવારના નામે રખાતા હતા એરપોર્ટના નામ

વિઝિયાનગરમ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિઝિયાનગરમમાં 18,000 કરોડ રૂપિયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો, જેમાં ભોગાપુરમનું અલ્લૂરી સીતારામ રાજૂ આંતરરાષ્ટ્રીય વિમાનમથક શામેલ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે વિઝિયાનગરમ પ્રવાસ દરમિયાન લગભગ 18000 કરોડ રૂપિયાના વિશાળ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કરતા જણાવ્યું કે, આ પ્રોજેક્ટ્સ આંધ્ર પ્રદેશની ઝડપી પ્રગતિનું પ્રતિક છે. ભોગાપુરમમાં



અલ્લૂરી સીતારામ રાજૂ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના ઉદ્ઘાટન પ્રસંગે, પીએમ મોદીએ તેને 'સ્વર્ણ આંધ્ર'ના લક્ષ્યને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું. એરપોર્ટ મુદ્દે વિપક્ષ પર PMના પ્રહાર વડાપ્રધાને ગાંધી પરિવાર પર આડકતરો પ્રહાર કરતા કહ્યું કે, પહેલાં એરપોર્ટના નામ અવારનવાર એક જ પરિવારના નામે રાખવામાં આવતા હતા. પરંતુ, NDA સરકારે વાલ્મીકી, સંત રવિદાસ અને અલ્લૂરી સીતારામ રાજૂ જેવા મહાનુભાવોના નામે એરપોર્ટના નામ રાખીને રાષ્ટ્રીય નાયકોને સન્માન આપવાનો નિર્ણય કર્યો છે.

## એક નજર...

### અવનીત કૌરે કરાવ્યું ગ્લેમરસ ફોટોશૂટ, તસવીરો થઈ વાયરલ



ટીવીથી લઈને બોલિવૂડ સુધી પોતાનું નામ બનાવનાર 24 વર્ષીય અવનીત કૌર પોતાની સુંદરતાની સાથે સાથે અભિનયથી ચાહકોના દિલ જીતી લે છે.અવનીત સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે અને ઘણીવાર ચાહકો સાથે તેના ફોટા અને વીડિયો શેર કરતી જોવા મળે છે. ફિલ્મ 'ટીકુ વેડ્સ શેરુ'થી બોલિવૂડમાં એન્ટ્રી કરનાર અવનીત સોશિયલ મીડિયા પર એક્ટિવ રહે છે.

## NEWS TRACK

### કોર્ટના એક ચુકાદાની અફવા અને 60 હજાર લોકો ઘૂસી ગયા; અન્ન માટે વલખાં મારતું સ્પેન

સ્પેનના ઉત્તર આફ્રિકન એન્ક્લેવ સેઉટા (Ceuta)માં તાજેતરમાં એક અભૂતપૂર્વ માનવીય અને સીમા સંકટ ઊભું થયું છે. સુપ્રીમ કોર્ટના એક ચુકાદાની ખોટી વ્યાખ્યા અને અફવાને કારણે મોરક્કોથી લગભગ 60,000 જેટલા સ્થળાંતરિતો એટલે કે પ્રવાસીઓ અચાનક સ્પેનના આ નાના શહેરમાં ઘૂસી આવ્યા હતા. સ્થિતિ એટલી બેકાબૂ બની ગઈ કે, શહેરમાં રાશન અને ખાવા-પીવાની ભારે અછત સર્જાઈ છે. બીજી તરફ, દોડધામ અને સમુદ્ર પાર કરવાની કોશિશમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 57 લોકોના કરૂણ મોત થયા છે. સુપ્રીમ કોર્ટના કયા ચુકાદાથી બબાલ શરૂ થઈ? આ સમગ્ર વિવાદ પાછળ સ્પેનની સુપ્રીમ કોર્ટના એક નિર્ણયની ખોટી વ્યાખ્યા અને અફવા જવાબદાર છે. 8 જુલાઈના રોજ સ્પેનની સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે, સમુદ્રના રસ્તે આવતા પ્રવાસીઓને તરત જ પાછા મોકલી શકાય નહીં. માનવ તસ્કરી (હ્યુમન ટ્રાફિકિંગ) કરતી ગેંગે આ નિર્ણય અંગે સોશિયલ મીડિયા પર અફવા ફેલાવી દીધી. પ્રવાસીઓને લાગ્યું કે, જો તેઓ સમુદ્રના રસ્તે સ્પેન પહોંચી જશે.

### અમેરિકાના સેન ડિયેગોમાં F-35B સ્ટીલ્થ ફાઈટર જેટ ક્રેશ, પ્રચંડ ધડાકા સાથે આગમાં લપેટાયું

અમેરિકાના સેન ડિયેગોમાં મિરામાર એર બેઝ નજીક F-35B સ્ટીલ્થ ફાઈટર જેટ ક્રેશ થઈ ગયું છે. આ દુર્ઘટના સ્થાનિક સમય પ્રમાણે શુક્રવારે સર્જાઈ હતી. ઘટના અંગે માહિતી આપતાં યુએસ મરીન કોર્પ્સે જણાવ્યું કે, 'કેલિફોર્નિયામાં ક્રેશ થતાં પહેલાં F-35B સ્ટીલ્થ ફાઈટર જેટથી ઈજેક્ટ કરનારા પાયલટના બચવાની આશા છે.' મરીન કોર્પ્સે એક અપડેટ સ્ટેટમેન્ટમાં કહ્યું કે, 'પાયલટ ઈજેક્ટ થઈ ગયો હતો અને તેને સામાન્ય ઈજાઓ થઈ છે, જે જીવલેણ નથી. તેને સારવાર અને તપાસ અર્થે નજીકની મેડિકલ સેન્ટરમાં સ્થિર હાલતમાં ખસેડવામાં આવ્યો છે.' વીડિયો પણ સામે આવ્યો દુર્ઘટના બાદનો એક વીડિયો પણ સામે આવ્યો છે. હેલિકોપ્ટરથી લેવામાં આવેલા એરિયલ વીડિયોમાં એક માટી વાળા મેદાનમાં કાટમાળમાંથી કાળો ધુમાડો નીકળતો દેખાઈ રહ્યો હતો. આ સાથે જ અનેક મિલિટ્રી તથા ફાયર ફાઈટિંગ વાહનો અને લોકો નજીકમાં ઊભા હતા. આ દરમિયાન જમીન પર સફેદ રંગનું ફ્લેમ રિટાર્ડન્ટ (આગ ઓલવવાનો પદાર્થ) ફેલાયેલું દેખાતું હતું.

# ગાંધીના ગુજરાતમાં મહેમદાવાદ બની ગયું દારૂ-જુગારનું હબ!

## PI રાઠોડ અને વહીવટદાર વિનુની રહેમનજર હેઠળ લાખોના હપ્તાખોરીનો ખેલ, પાક્કો ગુજરાત ન્યૂઝે SMC સુધી ઠોકી ફરિયાદ!

ગાંધી અને સરદારના સ્વચ્છ ગુજરાતમાં દારૂબંધીના કાયદાના લીરેલીરા ઊડી રહ્યા છે! ખેડા જિલ્લાના મહેમદાવાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદાની ધજ્જીયા ઉડાવીને ઈંગ્લિશ દારૂ, બિયર, દેશી દારૂની ભઠ્ઠીઓ અને જુગારના અડ્ડાઓ ખુલ્લેઆમ ધમધમી રહ્યા છે. સવાલ એ ઊભો થાય છે કે, કાયદાનો ડંકો વાગતા આ વિસ્તારમાં આટલા મોટા પાયે ગેરકાયદેસર કાળો કારોબાર કોના આશીર્વાદથી ચાલી રહ્યો છે?


### PI રાઠોડ અને વહીવટદાર વિનુનો ખેલ: મહિને લાખો રૂપિયાની ઉઘરાણી!

સૂત્રો પાસેથી મળતી અત્યંત વિસ્ફોટક માહિતી મુજબ, મહેમદાવાદ પોલીસ સ્ટેશનના પી.આઈ. રાઠોડ અને તેમના ખાસ 'વહીવટદાર' તરીકે ઓળખાતા વિનુ ભાઈની સીધી છત્રછાયા હેઠળ આ આખું નેટવર્ક ચાલી રહ્યું છે. આખા વિસ્તારમાંથી દર મહિને લાખો રૂપિયાના હપ્તા ઉઘરાવવામાં આવી રહ્યા હોવાના સંગીન આક્ષેપો ઊઠ્યા છે. ખાખી વર્દીનો ડર બતાવી કાયદો રક્ષકમાંથી જ ભક્ષક બની ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

### અમદાવાદ સુધી કેમિકલયુક્ત ઝેરનું સપ્લાય: બીજું લઠ્ઠાકાંડ સર્જવાની તૈયારી?

સૌથી ગંભીર અને ભયાનક બાબત તો એ છે કે મહેમદાવાદની ભઠ્ઠીઓમાં ઝેરી






કેમિકલયુક્ત દેશી દારૂ બનાવીને અમદાવાદ શહેર સુધી તેનો જથ્થો સપ્લાય કરવામાં આવી રહ્યો છે. જો આ કેમિકલયુક્ત દારૂના કારણે કોઈ મોટો અકસ્માત કે જાનહાનિ થશે, તો એનો જવાબદાર કોણ? શું તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું છે? જિલ્લા પોલીસ વડા (SP) અને એલસીબી (LCB) ની રહસ્યમય નિષ્ક્રિયતા સામે પણ હવે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.

### ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને સરકારને સીધો પડકાર!

રાજ્યના મુખ્યમંત્રી અને ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી 'ગુજરાતમાં અસામાજિક તત્વો અને દારૂના અડ્ડા ચલાવનારાઓને છોડવામાં નહીં આવે' તેવી કડક ચિમકીઓ આપતા રહે છે, ત્યારે મહેમદાવાદના પી.આઈ. અને તેમનો વહીવટદાર જાણે સીધો સરકાર અને ગૃહ વિભાગના દાવાઓને જ પડકારી રહ્યા છે!

### પાક્કો ગુજરાત ન્યૂઝનો પ્રહાર: SMC માં સત્તાવાર કમ્પ્લેઇન!

કાયદો અને વ્યવસ્થાની આ ઘોર બેદરકારી અને ભ્રષ્ટાચાર સામે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' મૌન નહીં રહે! આ સમગ્ર કાળા કારોબાર અને હપ્તાખોરીના ખેલ અંગે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) માં લેખિત ફરિયાદ ઠોકી દેવામાં આવી છે.

હવે જોવાનું એ રહે છે કે ગૃહવિભાગ અને ગાંધીનગર બેઠેલી સરકાર આ ભ્રષ્ટ અધિકારીઓ અને વહીવટદાર પર તાત્કાલિક ધોરણે કડક એક્શન લઈને મહેમદાવાદને આ દૂષણમાંથી મુક્ત કરાવશે કે પછી ખાખીના આ કાળા કારોબાર સામે આંખ આડા કાન જ કરશે?


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## 22 ડેમ હાઈ એલર્ટ પર, 27,856 લોકોનું સ્થળાંતર

# ગુજરાતનાં 6 જિલ્લામાં ભારે વરસાદનું રેડ એલર્ટ



**બચાવ અને રાહત કામગીરીને પહોંચી વળવા માટે વહીવટીતંત્ર દ્વારા 17 NDRFની ટીમો, 33 SDRFની પ્લાટુન અને 6 આર્મીની ટીમો વિવિધ સ્થળોએ તૈનાત કરવામાં આવી છે, વરસાદી પાણી ભરાવાને કારણે નીચાણવાળા વિસ્તારોમાંથી મોટાપાયે લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું**

અમદાવાદ

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદી માહોલ સક્રિય છે. 1 ઓગસ્ટના રોજ સવારે 6 વાગ્યાથી બપોરે 4 વાગ્યા સુધીમાં 234 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ મોરબીમાં 8 ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. રાજ્યમાં પૂરની સ્થિતિમાં અત્યારસુધીમાં 27856 લોકોનું સુરક્ષિત સ્થળાંતર કરવામાં આવ્યું છે. શનિવારે(1 ઓગસ્ટ) અમદાવાદ સહિત 6 જિલ્લામાં રેડ એલર્ટ અને કચ્છ-ઉત્તર ગુજરાત સહિતના કુલ 13 જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

વરસાદની વર્તમાન સ્થિતિ અને હવામાન વિભાગની ચેતવણીને પગલે અમદાવાદ, સુરેન્દ્રનગર, રાજકોટ, ભાવનગર, મોરબી અને બોટાદ એમ કુલ 6 જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા અને કચ્છ સહિતના અન્ય 13 જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. બચાવ અને રાહત કામગીરીને પહોંચી વળવા માટે વહીવટીતંત્ર દ્વારા 17 NDRFની ટીમો, 33 SDRFની પ્લાટુન અને 6 આર્મીની ટીમો વિવિધ સ્થળોએ તૈનાત કરવામાં આવી છે. વરસાદી પાણી ભરાવાને કારણે નીચાણવાળા વિસ્તારોમાંથી મોટાપાયે લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. પ્રાપ્ત આંકડાઓ મુજબ, અત્યાર સુધીમાં કુલ 27856 લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. જેમાં સૌથી વધુ નવસારી જિલ્લામાંથી 11590 અને સુરતમાંથી 11179 લોકોનું સ્થળાંતર કરાયું છે. આ ઉપરાંત, પૂરના પાણીમાં ફસાયેલા કુલ 53 લોકોને સફળતાપૂર્વક રેસ્ક્યૂ કરવામાં આવ્યા છે, જેમાં છોટા ઉદેપુરમાંથી સૌથી વધુ 31 લોકોને બચાવાયા છે. સવારના 06:00 થી 4 કલાક સુધી નોંધાયેલા વરસાદના આંકડા જોઈએ તો, મોરબી જિલ્લામાં મેઘરાજાએ સૌથી વધુ રૌદ્ર સ્વરૂપ બતાવ્યું છે. મોરબી તાલુકામાં સૌથી વધુ 211 mm(8.31 ઈંચ) વરસાદ ખાબક્યો છે. જ્યારે સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રામાં 176 mm અને મોરબીના ટંકારામાં 171 mm વરસાદ નોંધાયો છે. ભારે વરસાદને કારણે રાજ્યના જળાશયોમાં પાણીની આવક સતત વધી રહી છે. હાલમાં 22 ડેમ હાઈ એલર્ટ પર છે, જેમાંથી 15 ડેમ 100% કે તેથી વધુ ભરાઈ ચૂક્યા છે. જ્યારે 8 ડેમ એલર્ટ પર અને 11 વોર્નિંગ લેવલ પર છે. આગામી 3 કલાકના નાઉકાસ્ટની ચેતવણી અનુસાર, કચ્છ, દેવભૂમિ દ્વારકા, જામનગર, મોરબી, સુરેન્દ્રનગર, પાટણ અને અમદાવાદ સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી છે. આ વિસ્તારોમાં 41 થી 61 kmphની ઝડપે પવન ફૂંકાવવાની અને ગાજવીજ સાથે વીજળી પડવાની (60% થી વધુ સંભાવના) પ્રબળ શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે.

## ગીરમાં વૃક્ષો વધ્યા ને સિંહો બહાર નીકળ્યા! 'આઇ કોન્ટેક્ટ' બંધ, દોડવાની જગ્યા ઘટી

સાબરકાંઠા/જૂનાગઢ

એશિયાઈ સિંહોનું એકમાત્ર ઘર ગણાતા સાસણ ગીર અભયારણ્યમાંથી સિંહો સતત બહાર નીકળીને માનવ વિસ્તારોમાં આવી રહ્યા છે. અત્યાર સુધી વન વિભાગ આની પાછળ વસ્તી વધારાનું બહાનું બતાવતું હતું, પરંતુ હવે એક પૂર્વ વન અધિકારીના ચોંકાવનારા ખુલાસાએ વન વિભાગના દાવાઓની ધજાગરા ઉડાવી દીધા છે! ગીરમાં વૃક્ષોનું અતિશય ગીચ પ્રમાણ વધવાને કારણે સિંહો માટે શિકાર અને દોડવાની ખુલ્લી જગ્યાઓ ઘટી ગઈ છે. પરિણામે, 'જંગલના રાજા' ખુલ્લી જગ્યાની શોધમાં જંગલ છોડીને ગ્રામ્ય અને શહેરી વિસ્તારો તરફ પ્રયાણ કરી રહ્યા છે.

પૂર્વ વન અધિકારીના જણાવ્યા મુજબ, સિંહ એ ખુલ્લા મેદાનો અને આછા જંગલોનું પ્રાણી છે. ગીરમાં છેલ્લા કેટલાક દાયકાઓમાં ચોક્કસ પ્રકારના વૃક્ષો અને ગીચ ઝાડી-ઝાંખરાં એટલી હદે વધી ગયા છે કે સિંહ અને તેના શિકાર (જેવા કે ચિતલ, સાબર) વચ્ચેનો 'આઈ કોન્ટેક્ટ' (દ્રશ્ય સંપર્ક) સાવ બંધ થઈ ગયો છે:

દોડવાની જગ્યા ઘટી: ગીચ ઝાડીઓને કારણે સિંહ પોતાની પૂર્ણ તાકાતથી શિકારની પાછળ દોડી શકતો નથી. શિકાર પકડવો મુશ્કેલ: ખુલ્લું મેદાન ન મળવાને કારણે સિંહ માટે શિકાર કરવો કઠિન બન્યો છે, જેથી તે ખોરાકની સરળ શોધમાં ગામડાંઓ તરફ વળી રહ્યો છે.

## કરોડોની જમીન ખરીદનાર દયાનંદ બ્રોન્ટા કોણ : બિલ્ડરોના કથિત 'કાળા સત્ય'નો થશે પર્દાફાશ

વડોદરા/પાદરા

કરોડો રૂપિયાની કિંમતી જમીનોના સોદા અને શંકાસ્પદ દસ્તાવેજોને લઈને વડોદરા જિલ્લાના જમીન બજારમાં મોટો ભડાકો થયો છે. કરોડોના જમીન સોદાઓ પાછળ સામે આવેલું દયાનંદ બ્રોન્ટા નામ હાલ ભારે ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. કરોડો રૂપિયાના જમીન ખરીદ-વેચાણ પાછળ દયાનંદ બ્રોન્ટાની અસલી ભૂમિકા શું છે? શું તેઓ ખરેખર કાયદેસરના 'ખેડૂત' છે કે પછી આંકડાઓની માયાજાળ રચીને ઊભું કરાયેલું કોઈ મોટું મહોરું? ગગનચુંબી ઈમારતો અને મોટા પ્રોજેક્ટ્સ ઊભા કરનારા બિલ્ડરો સાથેના કથિત સંબંધો તેમજ અબજો રૂપિયાના જમીન સોદાઓને લઈને હવે અનેક ગંભીર સવાલો ઊભા થયા છે.

આ સમગ્ર વિવાદમાં અનગઢ ગામના તલાટીના વારસાઈ વહીવટ અને મંજૂરીઓની કામગીરી સામે પણ આંગળીઓ ચિંધાઈ રહી છે. સરકારી ચોપડે નોંધાયેલા નામો અને દસ્તાવેજોમાં મસમોટી ગડબડ હોવાના આક્ષેપો થઈ રહ્યા છે:

ઓળખ સામે મોટા સવાલો: દસ્તાવેજોમાં દર્શાવાયેલા સીતાબેન આનંદ બ્રોન્ટા ખરેખર કર્ણાટકના વતની છે કે અનગઢના? તેમની અસલી ઓળખ શું છે તે અંગે વહીવટી તંત્રમાં ભારે રહસ્ય ઘેરાયું છે.

ગેરકાયદેસર કાગળોનો ખેલ? અન્ય રાજ્યના નાગરિકોને સ્થાનિક સ્તરે 'ખેડૂત' દર્શાવીને કિંમતી જમીનો પચાવી પાડવાનું કે ખરીદવાનું કોઈ મોટું રેકેટ ચાલી રહ્યું છે કે કેમ, તે દિશામાં પણ શંકાની સોય ઘૂમી રહી છે.

શહેરમાં ગગનચુંબી યોજનાઓ બનાવતા અને કરોડોનું ટર્નઓવર ધરાવતા મોટા બિલ્ડરો અને ડેવલપર્સ સાથે દયાનંદ બ્રોન્ટાના શું આંતરિક સંબંધો છે? શું કાળા નાણાંને સફેદ કરવા માટે આ પ્રકારના શંકાસ્પદ નામોનો ઉપયોગ કરીને જમીનો ખરીદવામાં આવી રહી છે?

## વડોદરા ક્રાઇમ બ્રાન્ચનો ચોંકાવનારો પર્દાફાશ: નવજાત શિશુઓની તસ્કરીનું આંતરરાજ્ય રેકેટ ઝડપાયું

વડોદરા

વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે નવજાત શિશુઓની તસ્કરી કરતા એક અત્યંત ઘાતક અને મોહજાળ સમાન આંતરરાજ્ય રેકેટનો પર્દાફાશ કરીને સળસળાટ મચાવી દીધો છે. માત્ર આઠ જ દિવસના નિષ્પાપ નવજાત શિશુને વેચી દેવાના કાળા કારોબાર પર ક્રાઈમ બ્રાન્ચે ત્રાટકીને કુલ ૭ આરોપીઓની ધડપકડ કરી લેતાં આખા રાજ્યમાં અરેરાટી વ્યાપી ગઈ છે. તસ્કરીનું આ નેટવર્ક કેટલું ખતરનાક હતું તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, આરોપીઓ સિદ્ધપુરથી માત્ર ૮ દિવસના માસૂમ બાળકને લઈને ૩ લાખ રૂપિયાની આંતરડી કાંપી નાખે તેવી કિંમતે મુંબઈ વેચવા માટે જઈ રહ્યા હતા. પરંતુ વડોદરા ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળતાં જ તેમણે વોચ ગોઠવીને બાળકને સુરક્ષિત ઉગારી લીધું હતું અને બાળ તસ્કર ટોળકીની યોજના ધૂળધાણી કરી નાખી હતી.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જે વિગતો સામે આવી છે તે કાળજું કંપાવી દે તેવી છે. આ ગેંગ દ્વારા છેલ્લા દોઢ જ મહિનાની અંદર ૪ જેટલા માસૂમ નવજાત બાળકોને મુંબઈમાં વેચી દેવામાં આવ્યા હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. ગરીબ કે લાચાર પરિવારના બાળકોને નિશાન બનાવી તેમને મુંબઈ જેવા મોટા શહેરોમાં ઊંચી કિંમતે વેચી દેવાનો આ કાળો કારોબાર ક્યારથી ચાલતો હતો.

## વડોદરાના કડક બજારમાં હોબાળો : મહાપાલિકાની દબાણ શાખાની ટીમ પર વેપારીઓ તૂટી પડ્યા...!

વડોદરા

વડોદરાના ઐતિહાસિક અને અતિ ધમધમતા સયાજીગંજ કડક બજાર વિસ્તારમાં આજે દબાણ શાખાની કાર્યવાહી દરમિયાન ભારે રોષ અને સંગ્રામનો માહોલ સર્જાયો હતો. મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમ અધિકારીઓ કાફલા સાથે જેવી જ બજારમાં દબાણ હટાવવા અંદર પહોંચી, કે તુરંત જ સ્થાનિક દુકાનદારો અને વેપારીઓનો પિત્તો ગયો હતો. જોતજોતામાં વેપારીઓનું ટોળું એકત્ર થઈ ગયું હતું અને પાલિકાની કામગીરી સામે સખત વિરોધ નોંધાવી રસ્તા પર ઉતરી આવ્યું હતું. દબાણ હટાવવાની કામગીરી દરમિયાન મામલો એટલો બિચક્યો કે વાતાવરણમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, કામગીરીથી રોષે ભરાયેલા એક શાકભાજી વેપારીએ સીધો દબાણ શાખાની ગાડીના ડ્રાઈવર પર હુમલો કરી દીધો હતો. વેપારીએ ડ્રાઈવરની ફેટ પકડીને તેને ખેંચી કાઢ્યો હતો અને દબાણ શાખાની ગાડીની ચાવી આંચકીને રવાના થઈ ગયો હતો! આ ઘટનાને પગલે દબાણ શાખાની ટીમ અને અધિકારીઓમાં ભારે દોડધામ અને અફરાતફરી મચી ગઈ હતી.

## ટિફિન સર્વિસના વિડીયોથી ખળભળાટ: દારૂ, સિગારેટ, મોબાઈલ અને VIP સગવડોનો ખુલ્લેઆમ ખેલ!

# કડી સબજેલમાં ખાખીનો કાળો કારોબાર બુલેટ ગતિએ વાયરલ!

મેહસાણા

મેહસાણા જિલ્લાની કડી સબજેલ ફરી એકવાર ગંભીર વિવાદોના વટોળમાં ઘેરાઈ છે. સોશિયલ મીડિયા પર કડી સબજેલની બહાર રાત્રિના સમયે ટિફિન સર્વિસ પૂરી પાડવામાં આવતી હોવાના વિડીયો વાયરલ થતાં જ જેલ તંત્રની પોલ છતી થઈ ગઈ છે.

કાયદાના રક્ષકો જ કાયદાની ધજગ્યા ઉડાવી રહ્યા હોવાનો સણસણતો પુરાવો આ વાયરલ વિડીયોમાં કેમેરે કેદ થઈ ગયો છે, જેના કારણે સમગ્ર મહેસાણા પોલીસ બેડામાં સન્નાટો મચી ગયો છે.

સૂત્રો પાસેથી મળતી અત્યંત વિસ્ફોટક માહિતી મુજબ, કડી સબજેલમાં રાત્રિના સમયે અંધારામાં છૂપી રીતે બહારથી ખાસ ટિફિનો પહોંચાડવામાં આવે છે. એટલું જ નહીં, સગાં-સંબંધિઓ કે બહારના લોકોને રાત્રે પૈસા લઈને ગેરકાયદેસર રીતે મુલાકાત કરાવવાનો મોટો ખેલ ચાલી રહ્યો છે. જેલની ચાર દીવાલોની અંદર કેદીઓને જે સગવડો ન મળવી જોઈએ, તે તમામ અંદર ઉપલબ્ધ કરાવાય છે.

સબજેલની અંદર મળતી સુવિધાઓનું લિસ્ટ ચોંકાવનારું છે: દેશી અને વિદેશી દારૂની મહેફિલો, સિગારેટ અને બીડીના બંડલો, એન્ડ્રોઈડ અને બટન વાળા મોબાઈલ ફોન, ઘરનું ગરમાગરમ ટિફિન અને મનપસંદ વાનગીઓ, કેદીઓ માટે ખાસ VIP સગવડ અને આરામદાયક વ્યવસ્થા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ગેરકાયદેસર કાળા કારોબાર અને VIP ટ્રીટમેન્ટ પાછળ ખાખી વર્દીધારીઓનું મોટું સિન્ડિકેટ કામ કરી રહ્યું છે.

સબજેલના જેલરથી લઈને નીચેના પોલીસ કોન્સ્ટેબલ સુધી દર મહિને ચોક્કસ રકમ અને કટકીના નાણાં પહોંચાડવામાં આવે છે. પૈસાના જોરે જેલના નિયમોને નેવે મૂકીને ગુનેગારોને જેલને બદલે હોટેલ જેવી સગવડો પૂરી પાડવામાં આવી રહી છે.

કડી સબજેલમાં ખુલ્લેઆમ ચાલતી આ અરાજકતા અને ભ્રષ્ટાચાર સામે હવે સ્થાનિકો અને જાગૃત નાગરિકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. જો જેલની અંદર જ દારૂ, મોબાઈલ અને તમામ અસામજિક સુવિધાઓ મળી જતી હોય, તો પછી કાયદાનો ડર ક્યાં રહ્યો?

વાયરલ વિડીયો અને પાક્કો ગુજરાત ન્યૂઝના આ ખુલાસા બાદ હવે ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને જેલ વિભાગ આ ભ્રષ્ટ જેલર અને કોન્સ્ટેબલો સામે કેવા કડક પગલાં ભરે છે તેના પર સમગ્ર રાજ્યની નજર ચોંટેલી છે.

## સોનગઢ નગરપાલિકા દ્વારા યુદ્ધના ધોરણે સફાઈ કામગીરી: વરસાદ વચ્ચે રસ્તાઓ અને ડ્રેનેજ સાફ કરી વાહનવ્યવહાર પૂર્વવત કરાયો

સોનગઢ/તાપી

તાપી જિલ્લામાં નોંધાયેલા ભારે વરસાદના કારણે જનજીવન પ્રભાવિત ન થાય તે માટે સોનગઢ નગરપાલિકા તંત્ર દ્વારા ત્વરિત અને સરાહનીય કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેર વિસ્તારમાં વરસાદી પાણીના ઝડપી નિકાલ અને વાહનવ્યવહાર સુચારૂ રાખવાના હેતુથી નગરપાલિકા દ્વારા યુદ્ધના ધોરણે વિશેષ સફાઈ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. મુશળધાર વરસાદને કારણે સોનગઢના મુખ્ય રસ્તાઓ પર તણાઈ આવેલા કાદવ-કિચડ અને કચરાને કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. સ્થિતિની ગંભીરતા જોઈ નગરપાલિકાની સફાઈ કામદારોની ટીમો તાત્કાલિક મેદાનમાં ઉતરી હતી. જેસીબી (JCB) મશીનરીની મદદથી રસ્તાઓ પરથી કાદવ અને કાટમાળ દૂર કરીને વાહનવ્યવહાર સુરક્ષિત અને પૂર્વવત કરવામાં આવ્યો છે.



## હાઇવે પર કિલોમીટરો લાંબો ટ્રાફિક જામ!

# ગોધરા-દાહોદ હાઇવે પર ગઢ ચુંદડી ગામ નજીક ગોઝારો અકસ્માત સર્જાયો!

### ઘટના અંગે પોલીસને જાણ કરાતાં જ હાઇવે પોલીસ અને સ્થાનિક પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો

ગોધરા

ગોધરા-દાહોદ નેશનલ હાઈવે પર આજે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાતાં વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. ગોધરાથી દાહોદ તરફ જઈ રહેલી સિમેન્ટના ભારે ક્રોંક્રીટ બ્લોકથી ભરેલી એક આઈશર ટ્રક ગઢ ચુંદડી ગામ નજીક પહોંચતા જ કોઈ અગમ્ય કારણોસર ચાલકે સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. કાબૂ બહાર ગયેલી આઈશર પલટી મારી ગઈ હતી, જેના કારણે ટ્રકમાં ભરેલા સિમેન્ટના દોઢ-દોઢ ટનના બ્લોક રોડ પર ચારેય તરફ વેરવિખેર થઈ ગયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે આઈશર રોડની વચ્ચે જ પલટી મારી જતાં અને સિમેન્ટના બ્લોક રસ્તા પર પથરાઈ જતાં ગોધરા-દાહોદ હાઈવેનો એક



તરફનો આખો વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો હતો. ઘટનાને પગલે હાઈવે પર જોતજોતામાં કિલોમીટરો સુધી વાહનોની લાંબી લાઈનો અને ચક્કાજામની સ્થિતિ સર્જાઈ હતી. નાના વાહનોથી લઈને મોટા કન્ટેનરો અને મુસાફર બસો ટ્રાફિકમાં ફસાયા હતા, જેના કારણે કળઝાળ ગરમી અને બફારા વચ્ચે વાહનચાલકો તથા મુસાફરો ભારે અકળાટ અનુભવી રહ્યા હતા. ઘટનાની જાણ થતાં જ આસપાસના ગઢ ચુંદડી ગામના સ્થાનિક લોકો તાત્કાલિક મદદ અર્થે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પ્રાથમિક રાહત કામગીરી હાથ ધરી હતી.

ઘટના અંગે પોલીસને જાણ કરાતાં જ હાઈવે પોલીસ અને સ્થાનિક પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. રસ્તા પર પથરાયેલા ક્રોંક્રીટના ભારે બ્લોક્સ અને પલટી મારી ગયેલી આઈશરને ક્રેનની મદદથી દૂર કરીને વાહનવ્યવહાર પૂર્વવત કરાવવા માટે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે.

સદનસીબે આ અકસ્માતમાં કોઈ મોટી જાનહાનિ થઈ છે કે નહીં તે અંગે વધુ વિગતો મેળવવામાં આવી રહી છે.

## પાલનપુરના આકેશણ રોડ પર 'ભ્રષ્ટાચારનો ભુવો'

# મોંઘાદાટ રસ્તાઓ કાગળ જેવા સાબિત થતાં તંત્રની પોલ ખુલી!

પાલનપુર

પાલનપુર શહેરમાં રોડ-રસ્તાના નામે ચાલતા લોકશાહી વહીવટ અને ભ્રષ્ટાચારની જીવતી-જાગતી સાબિતી ફરી એકવાર સામે આવી છે. પાલનપુરના વ્યસ્ત ગણાતા આકેશણ રોડ પર પડેલા મસમોટા ભુવાએ પ્રી-મોન્સૂન કામગીરી અને રોડ કોન્ટ્રાક્ટરોના ગુણવત્તાના દાવાઓની ધજાગરા ઉડાવી દીધી છે. લાખો-કરોડો રૂપિયાના ખર્ચે બનેલા રસ્તાઓ સામાન્ય વરસાદમાં ધોવાઈ જતાં સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. આકેશણ રોડ પર અચાનક ગાબડું પડી જતાં અને મોટો ભુવો પડતાં વાહનચાલકો માટે જીવનું જોખમ ઊભું થયું છે: કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મિલીભગત? નવા બનેલા કે રિપેર કરાયેલા રસ્તાઓ ક્ષણભરમાં બેસી જાય છે. સિમેન્ટ, ડામર અને મેટલના કામમાં હલકી ગુણવત્તાનું મટીરીયલ વાપરીને કરોડો રૂપિયાનું સેટિંગ કરવામાં આવ્યું હોવાના સીધા આક્ષેપો સ્થાનિકો કરી રહ્યા છે.



અકસ્માતની ભીતિ: આ રસ્તો દિવસ-રાત ધમધમતો હોવાથી રાત્રિના સમયે કે વરસાદી પાણી ભરાવાને કારણે જો કોઈ વાહનચાલક આ ભુવામાં ખાબકે, તો મોટી જાનહાનિ થવાની પૂરેપૂરી શક્યતા છે. સ્થાનિક રહીશો અને વેપારીઓએ ઉગ્ર વિરોધ નોંધાવતાં જણાવ્યું છે કે, નગરપાલિકા કે માર્ગ-મકાન વિભાગ માત્ર ટેક્સ ઉઘરાવવામાં હોશિયાર છે. જ્યારે પ્રજાને પ્રાથમિક સુવિધાઓ આપવાની વાત આવે ત્યારે વહીવટી તંત્ર ઊંઘતું ઝડપાય છે. દર વર્ષે ભુવા પૂરવાના નામે પણ માત્ર માટી અને કાંકરી નાખીને કાગળ પર લાખોના બિલ મંજૂર કરાવી લેવાય છે! આકેશણ રોડનું નિર્માણ કરનાર કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવામાં આવશે કે નહીં? કામગીરી પાસ કરનાર જવાબદાર ઈજનેરો (Engineers) સામે તપાસ ક્યારે થશે?

જો તુરંત જ આ ભુવાનું યોગ્ય અને કાયમી ધોરણે પુરાણ કરીને રસ્તો સરખો કરવામાં નહીં આવે, તો પાલનપુરની જાગૃત જનતા ચક્કાજામ અને ઉગ્ર આંદોલનના માર્ગે ઉતરવાની તૈયારી કરી રહી છે.

# જુગારની રેડમાં 5 લાખના 'તોડ' બાદ મોટો ખેલ! PSI જેબલીયા અને PSI કાગડા કાયદાના શિકંજામાં ભેરવાયા

**પોલીસ ખાતામાં જ ચાલતા ભ્રષ્ટ વહીવટ અને તોડબાજીના ખેલથી સ્થાનિક જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, અગાઉ પણ અનેક વિસ્તારોમાં દરોડાના નામે તોડ થવાના કિસ્સા ચર્ચામાં રહ્યા છે**

વેરાવળ/ગીર સોમનાથ

ખાખી વર્દીને વધુ એક વખત દાગ લગાડતી સનસનાટીભરી ઘટના ગીર સોમનાથ જિલ્લામાંથી સામે આવી છે. જુગારધામ પર દરોડા દરમિયાન રૂ. ૫ લાખનો તોડ કરવાના અને ત્યારબાદ મામલો રફેદફે કરવા રચેલા 'ખેલ'માં બે-બે પીએસઆઈ (PSI) કાયદાકીય રીતે બરાબરના ભેરવાઈ ગયા છે! ખાખીના ઓટલે આચરવામાં આવેલા આ કારનામા બાદ PSI જેબલીયા અને PSI કાગડા સામે તપાસનો ધમધમાટ શરૂ થતાં સમગ્ર પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે.

માહિતી મુજબ, ગીર સોમનાથ જિલ્લામાં જુગારની એક રેડ દરમિયાન કાર્યવાહી કરવાના બદલે મોટો આર્થિક વ્યવહાર (તોડ) કરવામાં આવ્યો હતો. જુગારીઓ અને સંચાલકો પાસેથી અંદાજે રૂ. ૫ લાખ જેટલી રકમ પડાવી લઈને મામલો થાળે પાડવાનો પ્રયાસ કરાયો હતો. પરંતુ, આ 'તોડકાંડ'ની અંદરોઅંદરની ભાંજગડ અને પૈસાની વહેંચણીની રમત છતી થઈ જતાં સમગ્ર કારનામું સામે આવી ગયું હતું.

પોલીસ પ્રજાનો રક્ષક છે તેવા દાવાઓ વચ્ચે કાયદાના રક્ષક જ ભક્ષક બન્યા હોય તેવો ઘાટ સર્જાયો છે: વર્દી પર મોટો દાગ: જુગારના દરોડામાં સરકારી કાગળો અને મુદ્દામાલમાં ગડબડ કરીને લાંચ પેટે ૫ લાખ રૂપિયાનો તોડ આચરવામાં આ બંને અધિકારીઓની સીધી કે આડકતરી ભૂમિકા સામે આવી છે.

ઉચ્ચ અધિકારીઓની કડક કાર્યવાહી: સમગ્ર મામલો ગીર સોમનાથ પોલીસ વડા (SP) અને ઉચ્ચ અધિકારીઓના ધ્યાને આવતાં જ તપાસના આદેશો આપી દેવાયા છે.

પોલીસ ખાતામાં જ ચાલતા આવા ભ્રષ્ટ વહીવટ અને તોડબાજીના ખેલથી સ્થાનિક જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અગાઉ પણ અનેક વિસ્તારોમાં દરોડાના નામે તોડ થવાના કિસ્સા ચર્ચામાં રહ્યા છે, ત્યારે ગીર સોમનાથમાં પીએસઆઈ કક્ષાના બે અધિકારીઓ જ સેટિંગના ખેલમાં ભેરવાઈ જતાં ચકચાર જાગી છે.

પાક્કો ગુજરાત

રવિવાર | 02 ઓગસ્ટ 2026 | અમદાવાદ

### ભાડાં-લાઈટબિલથી પીસાતા કાપડ ઉદ્યોગકારો હવે ભગવાન ભરોસે

# વિકાસના ગુબ્બારા ફૂટ્યા! સુરતમાં કરોડોની મશીનરીઓ પાણીમાં ગરકાવ





**સુરત**

સુરત જેને દેશનું ટેક્સટાઈલ હબ કહેવામાં આવે છે, તે જ સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગકારો આજે કુદરત અને તંત્રની બેવડી મારી સામે ઘૂંટણિયે આવી ગયા છે. તાજેતરમાં પડેલા મુશળધાર વરસાદે સુરતના ઔદ્યોગિક વિસ્તારોની એવી દયનીય હાલત કરી મુકી છે કે જોનારનું કાળજું કંપી ઉઠે. કિમ નજીક આવેલા હથોડા ગામનો વિસ્તાર હોય, કે પછી સત્યમ ઈન્ડસ્ટ્રીઝ અને વિકાસ ઈન્ડસ્ટ્રીઝ જેવા ધમધમતા ઔદ્યોગિક હબ... ચારેય તરફ બસ પાણી, પાણી અને માત્ર પાણી જ નજરે પડે છે.

નીચાણવાળા વિસ્તારોમાં પાણીનો નિકાલ ન હોવાના કારણે ફેક્ટરીઓની અંદર પાંચ-પાંચ ફૂટ સુધી પાણી ભરાઈ ગયા છે. જે ટેક્સટાઈલ મશીનો, લૂમ્સ અને જેકાર્ડ કમ્પ્યુટરાઈઝ્ડ મશીનરીઓ ખરીદવા માટે ઉદ્યોગકારોએ કરોડો રૂપિયાના દેવાં કર્યા છે, તે આજે પાણીમાં ગરકાવ થઈને ભંગાર બની રહી છે. ફેક્ટરીમાં તૈયાર પડેલો લાખો રૂપિયાનો ગ્રે કાપડનો માલ પાણીમાં પલળીને બરબાદ થઈ ગયો છે. મશીનોમાં પાણી ઘૂસી જતાં ઈલેક્ટ્રોનિક પેનલો અને સેન્સરો બળી ગયા છે, જેના કારણે ઉત્પાદન સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયું છે. ચારેય તરફથી ઉદ્યોગકારોનો ઘેરાવ: કરબોજ, લાઈટબિલ અને મોંઘા ભાડાં એક તરફ ફેક્ટરીઓમાં કામ બંધ છે અને ઉત્પાદન શૂન્ય થઈ ગયું છે, તો બીજી તરફ ખર્ચનો ગાળિયો વધુ મજબૂત બની રહ્યો છે. ફેક્ટરીઓનું ભાડું: કામ ચાલે કે ન ચાલે, શેડ માલિકોને મોંઘા ભાડાં ચુકવવા જ પડે છે. મશીનો બંધ હોવા છતાં મિનિમમ ડિમાન્ડ ચાર્જના નામે વીજ કંપનીઓ તોતિંગ બિલ ફટકારી રહી છે.

### ડભોઇ-વડોદરા સ્ટેચ્યુ ઓફ યુનિટી હાઇવે

## થુવાવી-રાજલી પાસે ઠપ ઢાઢર અને દેવ નદીના પાણી માર્ગ પર ફરી વળ્યા

**ડભોઇ**

ડભોઈ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે દેવ ડેમ અને ઢાઢર નદીમાં ઘોડાપૂર આવ્યા છે નદીઓના વિપુલ જળપ્રવાહને પગલે ડભોઈ-વડોદરા મુખ્ય હાઈવે પર થુવાવી અને રાજલી ગામ પાસે પૂરના પાણી ફરી વળ્યા છે આ પરિસ્થિતિને ધ્યાને રાખીને તંત્ર દ્વારા વડોદરાથી ડભોઈ અને વિશ્વપ્રસિદ્ધ સ્ટેચ્યુ ઓફ યુનિટી' (એકતા નગર)ને જોડતો આ મહત્વપૂર્ણ સ્ટેટ હાઈવે વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. નોકરીયાતો અને વાહનચાલકો અટવાયા થુવાવી એન રાજલી ગામ નજીક ઢાઢર નદીના પાણી ગામોમાં અને મુખ્ય માર્ગ પર ઘૂસી જતાં ભારે હોનારત સર્જાઈ છે ગામોમાં પાણી ઘૂસ્યા રાજલી, થુવાવી સહિત આસપાસના ચાર જેટલા



ગામોમાં પૂરના પાણી પ્રવેશતા અવરજવરના તમામ રસ્તાઓ બ્લોક થઈ ગયા છે મુસાફરો અટવાયા: મુખ્ય માર્ગ બંધ થઈ જતાં વડોદરા અને ડભોઈ તરફ નોકરી-ધંધા અર્થે તેમજ દૈનિક કામકાજ માટે નીકળેલા સવારના મુસાફરો અને વાહનચાલકો રસ્તામાં જ અટવાઈ પડ્યા હતા. ઢાઢર બ્રિજ પર ચુસ્ત ડભોઈ પોલીસ બંદોબસ્ત: દુર્ઘટના રોકવા તંત્ર સજાગ આગળ ઢાઢર નદી પર આવેલો બ્રિજ જોખમી બનવાની શક્યતાને પગલે સ્થાનિક સરપંચ અને પોલીસ પ્રશાસન દ્વારા તાત્કાલિક સુરક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા છે.

### વાઘોડિયા માર્ગ બંધ થતાં જનજીવન અસ્તવ્યસ્ત

## દેવ ડેમમાંથી પાણી છોડાતાં ઢાઢર નદીમાં ઘોડાપૂર: ડભોઇના 7 ગામો સંપર્કવિહોણા

**ડભોઇ**

ઉપરવાસમાં પડેલા ભારે વરસાદ અને દેવ ડેમમાંથી મોટા પ્રમાણમાં પાણી છોડવામાં આવતાં ડભોઈ તાલુકામાંથી પસાર થતી ઢાઢર નદીમાં ભયાનક ઘોડાપૂર આવ્યું છે. નદી બે કાંઠે છલકાતાં આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. મુખ્ય માર્ગો પર ગોઠણસમા પાણી ફરી વળતાં ડભોઈ તાલુકાના ૭થી વધુ ગામોનો સંપર્ક તૂટી ગયો છે અને સ્થાનિક લોકોનું રોજિંદું જીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.



આ ગામો બન્યા સંપર્કવિહોણા ઢાઢર નદીના પૂરના પાણી ગામોના રસ્તાઓ પર ફરી વળતાં નીચે મુજબના ગામો સંપર્કવિહોણા બન્યા છે: ડાંગીવાડા, નારણપુરા, વીરપુરા, બંબોજ, પ્રયાગપુરા, કબીરપુરા, મગનપુરા (સુવાલજા). ડાંગીવાડા અને આસપાસના ગામોના મુખ્ય રસ્તાઓ પર પાણી ફરી વળતાં ડભોઈથી વાઘોડિયાને જોડતો મુખ્ય માર્ગ વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. આરોગ્ય સેવાઓ ઠપ: વાઘોડિયા ખાતે આવેલી મોટી હોસ્પિટલોમાં ઈમરજન્સી સારવાર માટે જતાં દર્દીઓ તથા તેમના પરિજનો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

રોજગાર પર માઠી અસર: વાઘોડિયા GIDC માં નોકરી કે મજૂરી અર્થે જતા સ્થાનિક લોકો જઈ શકતા ન હોવાથી રોજગારી ઠપ થઈ ગઈ છે. ગોઠણસમા પાણીમાંથી લોકોને ભારે ડર અને સાવચેતી સાથે પસાર થવું પડી રહ્યું છે. ભૂતકાળમાં આ નદીમાં મગરો જોવા મળ્યા હોવાથી, પૂરના પાણી સાથે ગામડાઓમાં મગર ઘૂસી જવાનો ભય સ્થાનિકોને સતાવી રહ્યો છે. હાલ તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

## રાણપુર તાલુકાના અણીયાળી કસ્બાતી- કેરીયા રોડ ઉપર વીજપોલ ધરાશાયી



**રાણપુર, વિપુલ લુહાર**

બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના અણીયાળી કસ્બાતી ગામથી કેરીયા ગામે જતો માર્ગ થયો બંધ.ભારે પવન અને ધોધમાર વરસાદ ને કારણે આ રોડપર ત્રણથી વધુ વીજપોલ ધરાશાય થયા.રોડપર વીજપોલ ધરાશાય થતાં રસ્તો બંધ થયો જેના કારણે અણીયાળી કસ્બાતી-કેરીયા વચ્ચે નો વાહનવ્યવહાર થયો બંધ.રાણપુર તાલુકામાં સતત પડી રહેલા વરસાદને કારણે વીજપોલ ધરાશાયી થયાની જાણ રાણપુર PGVCL કચેરીને થતા અધિકારીઓ અને કર્મચારીઓ ઘટના સ્થળે દોડી ગયા અને કામગીરી હાથ ધરી હતી..

### સુરતનું ગૌરવ અને સત્યનો અવાજ

## "S24 NEWS CHANNEL"ના સફળતાપૂર્વક 13 વર્ષ પૂર્ણ, 14મા વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો.!

### પાક્કો ગુજરાત ન્યૂઝ પરિવાર અને ગ્રુપ એડિટર પવન માકન (ધાની મીડિયા) તરફથી S24 ન્યૂઝ ચેનલને હાર્દિક શુભેચ્છાઓ!

**સુરત**

સુરત શહેરની આગવી ઓળખ, નિષ્પક્ષતા, નીડરતા અને સત્યતાના પર્યાય સમાન 'S24 NEWS CHANNEL' એ આજે પોતાના સફળતાપૂર્વકના ૧૩ વર્ષ પૂર્ણ કરીને ગૌરવપૂર્વક ૧૪મા વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો છે. લોકશાહીના ચોથા સ્તંભ તરીકે પોતાની કર્તવ્યનિષ્ઠા અને જવાબદારીપૂર્વકની પત્રકારત્વ શૈલીથી S24 ન્યૂઝ ચેનલે સુરત અને સમગ્ર ગુજરાતના દર્શકોના દિલમાં એક આગવું અને અવિચળ સ્થાન બનાવ્યું છે. આ શુભ પ્રસંગે S24 ન્યૂઝ ચેનલ વતી સાધના સાવલિયાએ



તમામ દર્શક મિત્રો, શુભેચ્છકો અને સપોર્ટર્સનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, દર્શકોના અપ્રતિમ પ્રેમ, વિશ્વાસ અને નિઃસ્વાર્થ સાથ-સહકારના બળે જ ચેનલ આજે સફળતાના આ શિખરે પહોંચી છે. આગામી સમયમાં પણ દર્શકોનો આ જ પ્રેમ અવિરતપણે મળતો રહેશે તેવી અભ્યર્થના સાથે તેમણે તમામનો આભાર માન્યો હતો.

મીડિયા જગતમાં સત્ય અને નીડરતાથી કામ કરતી સંસ્થાઓ હંમેશાં સમાજને સાચો માર્ગ બતાવે છે. S24 ન્યૂઝ ચેનલની આ શાનદાર અને સફળ સફર બદલ 'પાક્કો ગુજરાત ન્યૂઝ' અને ધાની મીડિયાના ગ્રુપ એડિટર પવન માકન તરફથી S24 ન્યૂઝ ચેનલના સમગ્ર પરિવાર, મેનેજમેન્ટ અને સાધના સાવલિયાને હૃદયપૂર્વક ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને સાધુવાદ પાઠવવામાં આવે છે.

### સેગવા ચોકડી પર સમૃદ્ધિ કોમ્પ્લેક્ષમાં પણ પાણી ભરાયા

## સહકારી ખરીદ વેચાણ સંઘ ના ગોડાઉનમાં વરસાદી પાણી બેસી જતા રૂા. 5.70 હજારનું ખાતર નાશ પામ્યું

**સાધલી, હસમુખ પટેલ**

શિનોર તાલુકાના સેગવા મુકામે આવેલા ધી શિનોર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘના ખાતર સ્ટોરેજના ગોડાઉનમાં તા. 31 જુલાઈ ની રાત્રીએ પડેલા 105 MM મુશળધાર વરસાદ ના પાણી પેસી જતાં અંદાજે રૂપિયા 5 લાખ 70 હજારનું ખાતર પલળી જતાં નુકસાન થયેલ છે.

જિલ્લા કલેક્ટર અને સ્થાનિક સરકારી તંત્ર દ્વારા બે દિવસ વરસાદની આગાહી માં સાવચેતી ની જાહેરાત કરેલ હતી પરંતુ તારીખ 31 જુલાઈના રોજ રાત્રિના ખાબકેલા 105 MM વરસાદે સેગવા ચોકડી પાસે આવેલા ધી



શિનોર તાલુકા સરકારી ખરીદ વેચાણ સંઘના ગોડાઉનમાં પાણી પેસી જતા મોટાભાગનો ખાતરનો સ્ટોક પાણીનો ભોગ બનતાં અંદાજે રૂપિયા 5 લાખ 70 હજારનું ભારે નુકસાન થયેલ છે. ગોડાઉન માં ખેતીની સિઝન હોય ખાતરનો પૂરો સ્ટોક ભરી રાખવામાં આવ્યો હતો ,જેમાં યુરિયાની 1840 ગુણ, એસએસપી 48 ગુણ, સાગરિકા 10 કિલો ના 100 કટ્ટા અને ડી.એ.પી. ખાતરની 6 ગુનો નાશ પામેલ છે. વહેલી સવારે પ્રમુખ ભાસ્કરભાઈ પુરોહિત ને જાણ થતાં તાત્કાલિક સેગવા આવીને ડિરેક્ટર મહેન્દ્ર પટેલ ને બોલાવી ને ગોડાઉનમાંથી પાણી બહાર કાઢવા માટે ફાઈટર મશીન મૂકવામાં આવ્યું હતું. તથા વીમા કંપનીને પણ જાણ કરવામાં આવી હતી. અને ત્યારબાદ નુકસાનીનું સર્વે તેઓ દ્વારા કરવામાં આવ્યું હતું. બાજુમાં આવેલા સમૃદ્ધિ કોમ્પ્લેક્ષની દુકાનોમાં પણ પાણી પેસી ગયા હતા અને આખું કેમ્પસ તળાવ બન્યું હતું. આમ આ વરસાદથી સૌથી મોટું નુકસાન શિનોર તાલુકા સહકારી સંઘને થયેલ છે. અને ખેતીવાડીમાં વરસાદના વિરામ પછી કેટલું નુકસાન કે ફાયદો થયો છે, તે સર્વે કર્યા પછી ખબર પડશે. હાલ આ વરસાદથી સંઘને મોટું નુકસાન થયેલ છે.

### અનેક ગામોમાં જળબંબાકાર: જનજીવન અસ્તવ્યસ્ત

## ડભોઇના ભીલાપુર, રાજલી અને બહેરામપુરામાંથી 185 ગ્રામજનોનું સલામત સ્થળાંતર કરવામાં આવ્યું

**ડભોઇ**

ડભોઈ અને વડોદરા જિલ્લા સહિત ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે ઢાઢર નદી તેમજ દેવ ડેમમાં પાણીની સપાટીમાં નોંધપાત્ર વધારો થયો છે. આ કારણે ડભોઈ તાલુકામાંથી પસાર થતી ઢાઢર નદીના પ્રવાહમાં તીવ્ર ઉછાળો આવતા કિનારાના નીચાણવાળા વિસ્તારોમાં પૂર જેવા દ્રશ્યો સર્જાયા છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખીને સ્થાનિક તંત્ર દ્વારા તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી ભીલાપુર, રાજલી અને બહેરામપુરાના કુલ ૧૮૫ નાગરિકોને યુદ્ધના ધોરણે સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કરવામાં આવ્યા છે.

નદીના પાણી ગામોમાં ઘૂસી જતાં ગ્રામજનોની સુરક્ષા માટે તંત્ર અને સ્થાનિકોએ સાથે મળીને કામગીરી કરી હતી:

ભીલાપુર અને બહેરામપુરા: ઢાઢર નદીના



પાણી ગામમાં પ્રવેશતાં ૩૯ સ્ત્રીઓ, ૪૬ પુરુષો અને ૨૧ બાળકો મળી કુલ ૧૦૬ નાગરિકોને સ્થાનિક પ્રાથમિક શાળામાં આશરો આપવામાં આવ્યો છે. સરપંચ, શાળાના આચાર્ય અને મધ્યાહન ભોજન (MDM) સંચાલકોના સહયોગથી આ વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી.

રાજલી: આ વિસ્તારમાં પાણીનો ભરાવો વધતાં ૩૭ સ્ત્રીઓ, ૨૪ પુરુષો અને ૧૮ બાળકો મળી કુલ ૭૯ નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

ડભોઈ પ્રાંત અધિકારી રવિરાજસિંહ પરમારના સીધા માર્ગદર્શન હેઠળ આશ્રયસ્થાનમાં રહેલા તમામ ૧૮૫ ગ્રામજનો માટે રહેઠાણ, જીવનજરૂરી ચીજવસ્તુઓ, પીવાનું શુદ્ધ પાણી અને સમયસર ભોજનની સુચારુ વ્યવસ્થા કરવામાં આવી છે. ઢાઢર નદીના રૌદ્ર સ્વરૂપને કારણે ડભોઈ તાલુકાના કિનારાના ગામો જેવા કે ભીલાપુર, રાજલી, થુવાવી, અંગૂઠણ અને નવાપુરા ભારે પ્રભાવિત થયા છે. શાળાઓ અને હોસ્પિટલમાં પાણી: પૂરના પાણી ગામના મુખ્ય રસ્તાઓ ઉપરાંત સ્થાનિક શાળાઓ અને હોસ્પિટલો સુધી પહોંચી જતાં આરોગ્ય અને શિક્ષણ સેવાઓ ખોરવાઈ ગઈ છે. જનજીવન ઠપ: પાણીના ભારે પ્રવાહના કારણે અનેક ગ્રામીણ વિસ્તારોનો સંપર્ક કપાયો છે અને જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે.

## મોટા ફોફળિયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં વરસાદમાં 28 સગર્ભા માતાને વિશેષ વોર્ડમાં દાખલ કરાયા

**સાધલી, હસમુખ પટેલ**

શિનોર તાલુકામાં સંભવિત અતિવૃષ્ટિની પરિસ્થિતિમાં કોઈપણ પ્રકારની આરોગ્ય સંબંધિત મુશ્કેલી ઊભી ના થાય તે માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, વડોદરાના માર્ગદર્શન હેઠળ મોટા ફોફળિયા ખાતે આવેલ શક્તિકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી છોટુભાઈ એ. પટેલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે વિશેષ સગર્ભા વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે. શિનોર તાલુકા હેલ્થ ઓફિસ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના લાઈન લિસ્ટમાંથી 19 સગર્ભા માતાઓ તથા શ્રી છોટુભાઈ એ. પટેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં નિયમિત સગર્ભા સંભાળ લેતી 9 સગર્ભા માતાઓ, એમ કુલ 28 સગર્ભા માતાઓને વિશેષ સગર્ભા વોર્ડમાં સમયસર દાખલ કરવામાં આવી છે. અહીં તેમની સતત આરોગ્ય સંભાળ રાખવામાં આવી રહી છે. વરસાદી પરિસ્થિતિ વચ્ચે છેલ્લા બે દિવસમાં કુલ 18 સગર્ભા માતાઓની સફળ



અને સુરક્ષિત પ્રસૂતિ કરાવવામાં આવી છે.તથા વિશેષ વોર્ડમાં દાખલ સગર્ભા અને પ્રસૂતા માતાઓને શક્તિકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પૌષ્ટિક આહારની વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવી છે, જેથી માતા અને નવજાત શિશુના આરોગ્યનું યોગ્ય રીતે જતન થઈ શકે.

### વસોમાં 17 ઇંચ આકાશી આફતે સર્જી તારાજી!

## દુકાનોમાં પાણી ભરાતાં વેપારીઓએ તંત્રની કામગીરી સામે ઉઠાવ્યા ગંભીર સવાલો ઉઠ્યા

**વસો/ખેડા**

ખેડા જિલ્લાના વસો પંથકમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં ચો તરફ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. વસોમાં ખાબકેલા આશરે ૧૭ ઈંચ જેટલા ભારે વરસાદને કારણે સમગ્ર પંથકમાં ભારે તારાજીના દ્રશ્યો સર્જાયા છે. ગામના મુખ્ય બજારો, સોસાયટીઓ અને નીચાણવાળા વિસ્તારોમાં પૂર જેવા પાણી ભરાઈ જતાં જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. મુશળધાર વરસાદના કારણે વસોના મુખ્ય બજારમાં ગોઠણસમા પાણી ફરી વળ્યા હતા. જોતજોતામાં પૂરના પાણી વેપારીઓની દુકાનો, ગોડાઉનો અને કેબિનોમાં ઘૂસી જતાં અનાજ, કરિયાણું, ઈલેક્ટ્રોનિક્સ અને કાપડ સહિતનો કિંમતી સામાન પલળીને વેડફાઈ ગયો હતો.



આ અચાનક આવેલી આફતને કારણે સ્થાનિક વેપારીઓને લાખો રૂપિયાનું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. દુકાનો અને મકાનોમાં પાણી ભરાઈ જતાં સ્થાનિક વેપારીઓ અને ગ્રામજનોમાં વહીવટી તંત્ર સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. વેપારીઓએ તંત્રની કામગીરી પર સીધા સવાલો ઉઠાવતા આક્ષેપ કર્યો છે કે: નાળાઓની સફાઈમાં બેદરકારી: ચોમાસા પહેલા વરસાદી કાંસા અને નાળાઓની યોગ્ય સફાઈ કરવામાં આવી ન હોવાના કારણે પાણીનો નિકાલ રૂંધાયો છે. તંત્રનું કોઈ આયોજન નહીં: દર વર્ષે થોડા વરસાદમાં પણ પાણી ભરાઈ જવાની સમસ્યા રહે છે, છતાં તંત્ર દ્વારા કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. પ્રી-મોન્સૂન કામગીરીના નામે માત્ર સરકારી નાણાંનો ધુમાડો કરવામાં આવે છે. વરસાદી પાણીના ભરાવાને કારણે મોટું નુકસાન વેઠનાર વેપારીઓએ માંગ કરી છે કે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે સર્વે હાથ ધરીને નુકસાનીનું યોગ્ય વળતર ચૂકવવામાં આવે.

## સતત વરસાદથી રાણપુરમાં મુખ્ય બજારમાં દિવાલ ધરાશાયી

### સદનશીબે રાત્રે ઘટના બનતા મોટી જાનહાની ટળી

**રાણપુર, વિપુલ લુહાર**

બોટાદ જીલ્લાના રાણપુર શહેરમાં મુખ્ય બજારમાં દિવાલ ધરાશાયી થઈ.રાત્રિના સમયે સતત વરસાદ ને કારણે દિવાલ ધરાશાયી થઈ, સદનશીબે જાનહાની ટળી.હવામાન વિભાગ દ્વારા જે રીતે વરસાદની આગાહી આપવામાં આવી છે તે રીતે જ બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં ગતરાત્રિથી ધોધમાર વરસાદ શરૂ થયો છે.

સતત વરસાદને કારણે રાણપુર શહેરની મુખ્ય બજારમાં એક દિવાલ ધરાસાઈ થયાની ઘટના સામે આવી છે.

મુખ્ય રોડ ઉપર મેઈન બજારમાં દિવાલ ધરાસાઈ થઈ છે જોકે રાત્રિના સમયે દીવાલ ધરાસાઈ થતાં કોઈ જાનહાની થઈ નથી.



રાણપુર શહેરની મુખ્ય બજારમાં આ દિવાલ છે તે ધરાશાયી થઈ છે.સદનશીબે રાત્રીનો સમય હોવાથી કોઈ જાનહાની થઈ નથી. આ રોડ ઉપર મુખ્ય બજાર છે અહીં દિવાલ પાસે લારી ધારકો ધંધો રોજગાર કરતા હોય છે ત્યારે આ દિવાલ રાત્રીના સમયે ધરાશાય થતાં સદનશીબે કોઈ જાનહાની થઈ નથી. સતત વરસાદને કારણે આ દિવાલ ધરાશાયી થઈ હોય તેવી માહીતી સામે આવી છે.

## તંત્રી લેખ...

# નિયમોની પટ્ટીઓથી વાસ્તવિકતા ઢાંકતું વહીવટી તંત્ર અને પીડાતી પ્રજા!

આપણા દેશના રાજકારણ અને વહીવટી તંત્રની એક બહુ જૂની, કડવી અને દૂષિત ટેવ રહી છે–જ્યારે પણ કોઈ મોટી દુર્ઘટના બને કે વહીવટી નિષ્ફળતા સામે આવે, ત્યારે મૂળ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાને બદલે પ્રજા પર અવનવા નિયમો, પરમિટો અને પ્રતિબંધોનો બોજ નાખી દેવો. રાજકીય મંચ પરથી સત્તાપક્ષ પોતાની નાકામીઓ છુપાવવા માટે દાવાઓના આવરણ ઊભા કરે છે, તો બીજી તરફ વિરોધપક્ષ માત્ર વિરોધ ખાતર વિરોધ કરીને કે ઘટનાનું રાજકીયકરણ કરીને પોતાને પ્રજાના મોટા 'તારણહાર' સાબિત કરવામાં મશગૂલ રહે છે. આ બંને પક્ષો વચ્ચે ચાલતી 'અમે જ સાચા' સાબિત કરવાની રમત અને શબ્દોના જંગ વચ્ચે અંતે તો પીસાવાનો વારો સામાન્ય પ્રજાનો જ આવે છે.

ભ્રમિત પ્રજા અને નેતાઓની 'ટૂંકી યાદશક્તિ'નો ગેરલાભ

આ આખા વિષયક્રમાં સૌથી મોટો વિરોધાભાસ એ છે કે સામાન્ય પ્રજા પોતે પણ બહુ જલ્દી ભ્રમિત થઈ જાય છે. નેતાઓ મંચ પરથી આવેશપૂર્ણ અને ઉશ્કેરણીજનક ભાષણો આપે, એટલે પ્રજા કશું પણ ઊંડાણપૂર્વક સમજ્યા વિના પોતાની વિવેકબુદ્ધિ કોરાણે મૂકીને જે-તે નેતા કે પક્ષની આંધળી તરફદારી કરવા લાગે છે. લોકો રાતોરાત આવા નેતાઓને પોતાના 'મસીહા' માની લે છે. પરંતુ થોડા જ સમયમાં એ જ મસીહા માનવામાં આવેલા નેતાઓ પ્રજા સાથે વિશ્વાસઘાત કરે છે અથવા પોતાના અંગત રાજકીય રોટલા શેકીને ગાયબ થઈ જાય છે. પ્રજાની મજબૂરી કે લાચારી એ છે કે તે થોડા સમયમાં બધું જ ભૂલી જાય છે અને ફરી નવા વચનોના ઝાકઝમાળમાં હોમાઈ જાય છે–જેનો પૂરેપૂરો ગેરલાભ રાજકારણીઓ ઉઠાવે છે.

આપત્તિઓમાં સંવેદનશીલતાનો અભાવ અને વહીવટી લાપરવાહી



કુદરતી કે માનવસર્જિત આપત્તિઓ વખતે જ્યારે લોકો પોતાના સ્વજનો, રોજગાર કે આજીવિકા ગુમાવીને આઘાતમાં હોય, ત્યારે પ્રથમ અગ્રતા સંવેદનશીલતાથી રાહત પહોંચાડવાની હોવી જોઈએ. પરંતુ, વહીવટી બેદરકારીને છુપાવવા અને રાજકીય લાભ-હાનિના ગણિત માંડવામાં કિંમતી સમય વેડફાઈ જાય છે. પરિણામે, સિસ્ટમની સુસ્તી અને મોડા પડેલા પ્રતિસાદના કારણે નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવવા પડે છે.

દરેક દુર્ઘટના પછી સામાન્ય જનતા માટે નવા કાયદા, નવી પરમિટો, દંડ અને પ્રતિબંધોની યાદી બહાર પાડી દેવાય છે. પરંતુ જે સિસ્ટમમાં ખરેખર સુધારાની જરૂર છે–જેમ કે ભવિષ્યલક્ષી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પારદર્શક વહીવટ અને અધિકારીઓની જવાબદેહી–એ દિશામાં ક્યારેય ગંભીરતાથી વિચારવામાં આવતું નથી. કાગળ પર પ્રતિબંધો મૂકી દેવા એ તંત્ર માટે જવાબદારીમાંથી છટકવાનો સૌથી સરળ શોર્ટકટ બની ગયો છે.

ગીર અને ગિરનારનું તાજું ઉદાહરણ: ઉકેલ કે પરમિટનો પહાડ?

હમણાં બનેલી એક ઘટનાનું જ ઉદાહરણ લઈએ. જૂનાગઢ ગિરનાર વિસ્તારમાં સિંહ એક બાળકને ઉઠાવી ગયો, અને એ પછી તરત જ તંત્ર જાગ્યું. ઉકેલ તરીકે શું કરવામાં આવ્યું? ગિરનાર જવાની પ્રક્રિયા પર નવા નિયમો અને મંજૂરી લેવાની જટિલ વ્યવસ્થા લાદી દેવામાં આવી!

જે ગિરનાર અને ગીરના જંગલ સાથે લોકોનો સદીઓથી નાતો રહ્યો છે, જ્યાં સેંકડો વર્ષોથી સાધુ-સંતો, યાત્રાળુઓ અને પ્રકૃતિપ્રેમીઓ કોઈ પણ રોકટોક વગર અવરજવર કરતા હતા, ત્યાં એક જ ક્ષણમાં પેઢીઓ જૂની પરંપરાઓ પર પરમિટનો પહાડ ખડકી દેવાયો. ગિરનાર અને ગીરનો સમગ્ર પ્રદેશ માત્ર ભૌગોલિક જંગલ નથી, પણ એક સામાજિક અને આધ્યાત્મિક આસ્થાનું કેન્દ્ર છે. સદીઓથી અહીં માનવ અને વન્યજીવો વચ્ચે એક પવિત્ર સંતુલન જળવાયેલું રહ્યું છે. પરંતુ આજે જ્યારે તંત્રની સંચાલન વ્યવસ્થામાં ખામી સર્જાય છે, ત્યારે તેનો દંડ સામાન્ય યાત્રાળુઓ અને સ્થાનિક પ્રજાએ ભોગવવો પડે છે.

મૂળ પ્રશ્ન: સિંહ જંગલની બહાર શા માટે આવે છે?

વન્યજીવ વિજ્ઞાનનો સાદો નિયમ છે કે સિંહ જેવા હિંસક પ્રાણીઓ પોતાના કુદરતી આવાસમાંથી બહાર ત્યારે જ નીકળે જ્યારે જંગલની અંદર તેમને પૂરતો ખોરાક કે પાણી ન મળે, અથવા તો તેમના કુદરતી કોરિડોરમાં મોટો ખલેલ પહોંચ્યો હોય.

જો ગીરના અફાટ જંગલની અંદર જ તૃણભક્ષી પ્રાણીઓ (જેવા કે ચીતલ, સાબર)ની વસતીનું યોગ્ય સંતુલન રાખવામાં આવે, તો સિંહ ક્યારેય માનવ વસાહતો તરફ ન આવે.

સિંહ જંગલમાં જ રહીને મોજ કરે તેવી કાયમી વ્યવસ્થા કરવાને બદલે, તંત્રએ યાત્રાળુઓના માર્ગ પર રોક લગાવી દીધી. આ તો એના જેવી વાત થઈ કે 'ઘરના દરવાજે રખડતા શ્વાનનો ઉકેલ લાવવાને બદલે ઘરમાં રહેતા લોકોને જ બહાર નીકળવાની મનાઈ ફરમાવી દેવી!'

ટેકનોલોજીના યુગમાં કાગળનો ખેલ કેમ?

સાચો અને પ્રજાલક્ષી સુધારો એ ગણાય કે જેમાં પ્રજાની આસ્થા, દિનચર્યા અને સુરક્ષા વચ્ચે યોગ્ય સંતુલન જાળવવામાં આવે:

1. આધુનિક મોનિટરિંગ: જંગલના અતિ સંવેદનશીલ વિસ્તારોનું ડ્રોન કે સીસીટીવી કેમેરા દ્વારા સતત મોનિટરિંગ કરી શકાય.
2. અગાઉથી ચેતવણી: જો કોઈ વન્યજીવ યાત્રાધામ તરફ આવતો દેખાય, તો મુસાફરોને અગાઉથી ચેતવણી આપી શકાય અથવા તેને સુરક્ષિત રીતે જંગલ તરફ પાછો વાળી શકાય.
3. નૈસર્ગિક આહારચક્ર: જંગલની અંદર જ ખોરાક અને પાણીની પૂરતી વ્યવસ્થા માટે વન વિભાગે વ્યવહારુ યોજનાઓ બનાવવી જોઈએ.

પરંતુ અફસોસની વાત એ છે કે આપણી પ્રશાસનિક માનસિકતા દીર્ઘકાલીન ઉકેલો શોધવા માંગતી જ નથી. તેમને માટે દરેક કટોકટી એ માત્ર નિયમોનો નવો કાગળ છાપવાની તક બની રહે છે.

હવે પ્રજાએ જાગવું પડશે!

જ્યાં સુધી રાજકારણથી ઉપર ઊઠીને પ્રજાહિત અને વહીવટી જવાબદેહીને કેન્દ્રમાં રાખવામાં નહીં આવે, ત્યાં સુધી આ દૂષિત ચક્ર આમ જ ચાલ્યા કરશે. હવે સમય આવી ગયો છે કે પ્રજા પોતે પણ જાગૃત થાય. માત્ર રાજકીય વચનો કે વિરોધપક્ષની બૂમાબૂમથી ભ્રમિત થયા વગર, શાસકો અને અધિકારીઓ પાસે કાયમી, વ્યવહારુ અને ટકાઉ સુધારાની માંગણી કરવામાં આવે.

જો આપણે દરેક નિષ્ફળતા પછી લાદવામાં આવતા અસંવેદનશીલ પ્રતિબંધોને મૌન રહીને સ્વીકારતા રહીશું, તો એક દિવસ એવો આવશે કે આપણા જ ઘરમાં જીવવા માટે આપણે સરકારી મંજૂરીની લાઈનમાં ઊભા રહેવું પડશે! મૂળ સમસ્યા પર ઘા કરવો અને તંત્રને જવાબદારીનું ભાન કરાવવું–એ જ આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો એકમાત્ર સાચો માર્ગ છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# કોંગ્રેસ મુખ્યાલયમાં ગુંજ્યો શ્રમજીવીઓનો અવાજ

## KKC ના સ્થાપના દિવસે નવાબ શેખ ઈબ્રાહિમની મોટી જાહેરાત — "અસંગઠિત કામદારોનું મજબૂત માળખું બૂથ સ્તર સુધી ઊભું કરીશું"

નવી દિલ્હી

દેશની રાજધાની સ્થિત 24 અકબર રોડ, AICC કોંગ્રેસ મુખ્યાલય ખાતે દિલ્હી પ્રદેશ અસંગઠિત કામદાર અને કર્મચારી કોંગ્રેસ (KKC) નો સ્થાપના દિવસ અત્યંત ભવ્ય, ગરીમાપૂર્ણ અને ઉત્સાહસભર માહોલમાં યોજાયો હતો. KKC ના રાષ્ટ્રીય ચેરમેન ડૉ. ઉદિત રાજના અધ્યક્ષસ્થાને સંપન્ન થયેલા આ કાર્યક્રમમાં દેશભરમાંથી આવેલા કાર્યકરો, હોદ્દેદારો અને કોંગ્રેસ પરિવારના સભ્યોનો ભારે જમાવડો જોવા મળ્યો હતો.

કાર્યક્રમનો મુખ્ય હેતુ દેશના કરોડો અસંગઠિત કામદારો, ફેરિયાઓ, બાંધકામ મજૂરો અને ઘરેલુ કામદારોના અધિકારોનું રક્ષણ કરવાનો અને તેમના સામાજિક તેમજ આર્થિક ન્યાયની લડાઈને નવી ધાર આપવાનો રહ્યો હતો.

બંધારણ અને સામાજિક ન્યાયના રક્ષણનો સંકલ્પ

સ્થાપના દિવસ સમારોહ દરમિયાન ઉપસ્થિત તમામ નેતાઓ અને કાર્યકરોએ એકસૂરે અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોના હિતોનું રક્ષણ કરવા, તેમના સુરક્ષિત ભવિષ્ય અને ભારતના લોકશાહી તેમજ બંધારણીય મૂલ્યોને મજબૂત કરવાનો સંકલ્પ દોહરાવ્યો હતો.

મંચ પરથી સંબોધન કરતા વરિષ્ઠ વક્તાઓએ જણાવ્યું હતું કે આજે દેશનું અસંગઠિત ક્ષેત્ર ઉપેક્ષા અને આર્થિક સંકટનો ભોગ બન્યું છે. આવા સમયે KKC માત્ર એક ઔપચારિક સંગઠન બનીને નહીં રહે, પરંતુ તે દેશના ખૂણે-ખૂણે ફેલાયેલા કરોડો મહેનતુ મજૂરો અને કર્મચારીઓનો એક મજબૂત અવાજ બનશે. સંગઠન તેમના હક, લઘુત્તમ વેતન, સ્વાસ્થ્ય સુરક્ષા અને સામાજિક સન્માન માટે દરેક સ્તરે સંઘર્ષ જારી રાખશે.

બૂથ સ્તર સુધી પહોંચશે સંગઠનની તાકાત: નવાબ શેખ ઈબ્રાહિમ

કાર્યક્રમના મુખ્ય વક્તા અને અસંગઠિત કામદાર અને કર્મચારી કોંગ્રેસના રાષ્ટ્રીય વાઈસ



ચેરમેન નવાબ શેખ ઈબ્રાહિમે પોતાના સંબોધનમાં સંગઠનની ભાવિ યોજનાઓની વિગતો આપી હતી:

'કોંગ્રેસ પક્ષની કરોડરજ્જુ હંમેશા દેશનો ગરીબ, મજૂર અને અસંગઠિત કામદાર રહ્યો છે. KKC ને માત્ર રાષ્ટ્રીય કે પ્રાંતીય સ્તર સુધી સીમિત રાખવામાં નહીં આવે, પરંતુ તેને સીધું બૂથ સ્તર સુધી લઈ જઈને અત્યંત મજબૂત બનાવવામાં આવશે. જ્યાં સુધી ગામ અને મહોલ્લાના પાયાના મજૂર સુધી સંગઠન પહોંચશે નહીં, ત્યાં સુધી તેમની લડાઈ પૂરી થઈ શકે નહીં. અમે દેશભરના અસંગઠિત શ્રમિકોને આ અભિયાન સાથે જોડીને તેમના સન્માન અને અધિકારોની લડાઈ અંતિમ શ્વાસ સુધી લડીશું.'

– નવાબ શેખ ઈબ્રાહિમ (રાષ્ટ્રીય વાઈસ ચેરમેન, KKC)

સંગઠન વિસ્તાર અને ભાવિ વ્યૂહરચના પર ગહન મંથન

સમારોહ દરમિયાન યોજાયેલા વિશેષ સત્રમાં સંગઠનના વિસ્તારને લઈને કેટલાક મહત્વના મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી:

1. પાયાના સ્તરે જોડાણ: દેશના દરેક જિલ્લા, બ્લોક અને બૂથ સ્તરે અસંગઠિત કામદારોના એકમો ગઠિત કરવા.
2. શ્રમિક અધિકાર અભિયાન: અસંગઠિત ક્ષેત્રના મજૂરોને તેમના કાયદાકીય અધિકારો, સરકારી યોજનાઓ અને સામાજિક સુરક્ષા પ્રત્યે જાગૃત કરવા.
3. શોષણ સામે મોરચો: અસંગઠિત ક્ષેત્રમાં થઈ રહેલા આર્થિક અને માનસિક શોષણ સામે તાત્કાલિક પાયાના સ્તરે હસ્તક્ષેપ કરવો.

મોટા નેતાઓની ઉપસ્થિતિ

આ ઐતિહાસિક કાર્યક્રમમાં સંગઠનના અનેક ઉચ્ચ હોદ્દેદારોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમમાં રાષ્ટ્રીય વાઈસ ચેરમેન શ્રી નવાબ શેખ ઈબ્રાહિમ ઉપરાંત નેશનલ કોઓર્ડિનેટર શ્રી આદિત્ય રાજપૂત તથા નેશનલ એક્ઝિક્યુટિવ મેમ્બર શ્રીમતી સોનિયા રાણા જી મુખ્યત્વે ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહાનુભાવોએ સંગઠનને રાષ્ટ્રીય સ્તરે એક નવી ઓળખ આપવાની અને દરેક કામદાર સુધી કોંગ્રેસની નીતિઓ પહોંચાડવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમના અંતે KKC ના રાષ્ટ્રીય ચેરમેન ડૉ. ઉદિત રાજ અને અન્ય આગેવાનોએ કાર્યકરોનું માર્ગદર્શન કર્યું હતું અને આગામી અભિયાનો માટે પૂરા જોશ સાથે મેદાનમાં ઉતરવા આહ્વાન કર્યું હતું.

# અતીત અને આધુનિકતાના ઉંબરે: સમયની ક્ષિતિજે વિસ્તરતું અને ધબકતું મહાનગર અમદાવાદ

સમયનું વહેણ સતત બદલાતું રહે છે, પરંતુ અમુક નગરો એવાં હોય છે જે સમયના દરેક વળાંકને પોતાનામાં આત્મસાત કરીને વધુ ભવ્ય બનીને ઉભરે છે. સાબરમતી નદીના શાંત કિનારેથી શરૂ થયેલી સુલતાન અહમદશાહના સપનાની સફર આજે વૈશ્વિક સ્તરે એક અનોખું આકર્ષણ બની ચૂકી છે. યૂનેસ્કો દ્વારા ભારતનું પ્રથમ 'વૈશ્વિક વિરાસત નગર' (World Heritage City) જાહેર કરાયેલું અમદાવાદ માત્ર ઈંટો અને પથ્થરોથી બનેલું શહેર નથી; તે સદીઓ પુરાણા ઈતિહાસની ગરિમા અને આધુનિક ટેકનોલોજીની હરણફાળ વચ્ચે ધબકતો એક સજીવ દસ્તાવેજ છે. આ નગરની ગલીઓમાં અતીતનો વૈભવ શ્વાસ



લે છે અને તેના પહોળા રાજમાર્ગો પર ભવિષ્યના સપના આકાર લે છે. અમદાવાદની ખરી સુંદરતા તેના વિરોધાભાસી છતાં અત્યંત મધુર સમન્વયમાં છુપાયેલી છે. એક તરફ પૂર્વ અમદાવાદના કોટ વિસ્તારની સાંકડી પોળો છે, જ્યાં આજે પણ પાડોશી ધર્મ અને સામૂહિક જીવનની સુવાસ મહેકે છે. પથ્થર પર કંડારેલી સિદી સૈયદની જાળીની નજાકત અને ઝૂલતા મિનારાની રહસ્યમય કલા આપણને મુઘલ અને સલ્તનત કાળના સ્થાપત્ય વૈભવની યાદ અપાવે છે. તો બીજી તરફ, સાબરમતી નદીને ઓળંગીને પશ્ચિમ તરફ નજર કરીએ એટલે એસ. જી. હાઈવે પર આકાશને આંબવા મથતી ગગનચુંબી ઈમારતો, અદ્યતન કોર્પોરેટ ઓફિસો અને આધુનિક મોલ જોવા મળે છે. પૂર્વની સાંસ્કૃતિક વિરાસત અને પશ્ચિમનો આધુનિક વિકાસ - આ બંને છેડાઓ વચ્ચે સાબરમતી રિવરફ્રન્ટ એક અદભુત સેતુ બનીને આખા શહેરને હરિયાળી શાંતિ અર્પે છે. આ શહેરની આબોહવામાં વ્યાપાર અને વૈચારિક ક્રાંતિ બંનેનો સમન્વય રહ્યો છે. એક સમયે 'ભારતનું માન્ચેસ્ટર' ગણાતું આ શહેર આજે કાપડ ઉદ્યોગથી આગળ વધીને આઈટી, ફાર્માસ્યુટિકલ્સ અને અદ્યતન સ્ટાર્ટ-અપ્સનું મુખ્ય કેન્દ્ર બન્યું છે. પરંતુ આ આર્થિક સમૃદ્ધિની વચ્ચે પણ અમદાવાદે પોતાની નૈતિક અને આધ્યાત્મિક ધરોહરને ક્યારેય વિસારે પાડી નથી. સાબરમતી આશ્રમની પવિત્ર ભૂમિ આજે પણ વૈશ્વિક સમુદાયને સત્ય, અહિંસા અને સાદગીનો શાંત સંદેશ આપે છે. અહીંનું સ્થાપત્ય અને અર્થતંત્ર ગમે તેટલું આધુનિક થાય, પણ નગરના આત્મામાં આજે પણ ગાંધીજીના વિચારોની પવિત્રતા અને વિવેક સજીવન છે. અમદાવાદને સાચા અર્થમાં સમજવું હોય તો તેના ઉત્સવપ્રિય અને ખમીરવંતા લોકજીવનને અનુભવવું પડે. નવરાત્રિની ગરબાની રમઝટ હોય કે મકરસંક્રાંતિએ આકાશને રંગબેરંગી પતંગોથી ભરી દેતો ઉત્સાહ, અહીંનો પ્રત્યેક નાગરિક જિંદગીને મન ભરીને માણવામાં માને છે. સાંજ ઢળતાં જ માણેકચોક અને ખાઉધરી ગલીઓમાં ઉમટતો માનવમહેરામણ એ વાતની પ્રતીતિ કરાવે છે કે અમદાવાદીઓ માટે ભોજન એ માત્ર જરૂરિયાત નથી, પણ એક ઉત્સવ છે.

**- રૂપેશ સોલંકી**

# સુરતના યુવા કાર્યકર્તાથી લઈને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી સુધી: હર્ષ સંઘવીની સંઘર્ષ, સમર્પણ અને સફળતાથી ભરેલી રસપ્રદ દાસતાન!

ગુજરાતના રાજકારણમાં જ્યારે પણ યુવા નેતૃત્વ, વહીવટી કુશળતા અને આક્રમક કાર્યશૈલીની વાત આવે છે, ત્યારે સૌથી પહેલું નામ હર્ષ સંઘવીનું સામે આવે છે. સુરતના એક સામાન્ય યુવા કાર્યકર્તા તરીકે રાજકીય કારકિર્દીની શરૂઆત કરીને ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી (Deputy Chief Minister) ના સર્વોચ્ચ પદ સુધી પહોંચવાની તેમની સફર અદ્ભુત અને પ્રેરણાદાયી છે.

૧. પ્રારંભિક જીવન અને સામાજિક સેવા (શરૂઆતના વર્ષો)

૮ જાન્યુઆરી ૧૯૮૫ના રોજ સુરત ખાતે જૈન પરિવારમાં જન્મેલા હર્ષ સંઘવીમાં નાનપણથી જ નેતૃત્વ અને સામાજિક સેવાનો અનોખો ઉત્સાહ હતો.

માત્ર ૧૫ વર્ષની ઉંમરે પ્રવેશ: ૧૫ વર્ષની નાની વયે જ તેઓ ભારતીય જનતા યુવા મોરચા (BJYM) માં જોડાયા હતા.

સામાજિક કાર્ય: આદિવાસી વિસ્તારો (જેવા કે સોંગઢ, ઉચ્છલ, વ્યારા અને તાપી) માં સિકલ સેલ એનેમિયા પીડિતો માટે તબીબી સહાય યોજનાઓ ચલાવવી, 'ક્લીન તાપી' ઝુંબેશ, બ્લડ ડોનેશન કેમ્પ અને યુવાઓ માટે જોબ ફેર યોજવા જેવા કાર્યોથી તેમણે પોતાની જનસેવાની ઓળખ બનાવી હતી.


૨. ધારાસભ્ય તરીકેની સફર: ગુજરાતના સૌથી યુવા MLA

હર્ષ સંઘવીની ચૂંટણી રાજકારણમાં સફળતા સતત અને જ્વલંત રહી છે:

૨૦૧૨ (પ્રથમ વિજય): સુરતની 'મજુરા' વિધાનસભા બેઠક પરથી માત્ર ૨૭ વર્ષની વયે ચૂંટણી જીતીને તેઓ ગુજરાત વિધાનસભાના સૌથી યુવા ધારાસભ્ય (Youngest MLA) બન્યા હતા.

૨૦૧૭ અને ૨૦૨૨ (હેટ્રિક વિજય): મજુરા બેઠક પરથી સતત બીજી અને ત્રીજી વાર તેઓ રેકોર્ડબ્રેક મતોની સરસાઈથી વિજેતા બન્યા. ૨૦૨૨ની ચૂંટણીમાં તેમણે ૧.૧૬ લાખથી વધુના તોતિંગ માર્જિનથી જીત મેળવીને સુરતમાં પોતાનો દબદબો સાબિત કર્યો હતો.

રાષ્ટ્રીય સ્તરે ઓળખ: આ દરમિયાન તેઓ ભાજપ યુવા મોરચાના રાષ્ટ્રીય ઉપપ્રમુખ (National Vice President)



તરીકે પણ પોતાની સેવા આપી ચૂક્યા છે.

૩. મંત્રી તરીકેની કડક અને સંવેદનશીલ કામગીરી (Iron Fist in a Velvet Glove)

સપ્ટેમ્બર ૨૦૨૧માં ભુપેન્દ્ર પટેલ સરકારમાં તેમને ગૃહ રાજ્યમંત્રી (MoS Home), રમતગમત, પરિવહન અને જેલ જેવા મહત્વના ખાતાઓનો સ્વતંત્ર પ્રભારી બનાવવામાં આવ્યો. ગૃહમંત્રી તરીકે તેમની કામગીરીએ આખા દેશનું ધ્યાન ખેંચ્યું:

ડ્રગ્સ સામે ઝુંબેશ: 'નો ડ્રગ્સ ઈન ગુજરાત' મિશન હેઠળ કરોડો રૂપિયાનો નશીલો પદાર્થ પકડી પાડીને દરિયાઈ સરહદો અને સ્થાનિક નેટવર્ક પર કડક ધાક બેસાડી.

સાયબર ક્રાઈમ અને વ્યાજખોરો સામે લાલ આંખ: ગેરકાયદે વ્યાજખોરી અને સાયબર ફ્રોડ કરનારાઓ સામે રાજ્યવ્યાપી ઝુંબેશ ચલાવીને હજારો નાગરિકોને રાહત અપાવી.

'તેરા તુજકો અર્પણ' પહલ: ચોરાયેલા કે ખોવાયેલા કરોડો રૂપિયાના મુદ્દામાલ અને દાગીના સીધા મૂળ માલિકોને પરત કરવાની નવી પરંપરા શરૂ કરી.

રમતગમત ક્ષેત્રે ક્રાંતિ: 'ખેલ મહાકુંભ' ને નવી ઊંચાઈએ પહોંચાડી તેમજ ૩૬મા નેશનલ ગેમ્સનું સફળ આયોજન કરીને ગુજરાતને દેશનું સ્પોર્ટ્સ હબ બનાવવા તરફ મહત્વનું પ્રદાન આપ્યું.

૪. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી તરીકેની તાજપોશી

તેમની ઉત્કૃષ્ટ વહીવટી ક્ષમતા, સંગઠનાત્મક પકડ અને કાર્યક્ષમતાને ધ્યાનમાં રાખીને ઓક્ટોબર ૨૦૨૫માં સરકારના કેબિનેટ વિસ્તરણ દરમિયાન તેમને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી (Deputy Chief Minister) તરીકે પદોન્નતિ આપવામાં આવી.

માત્ર ૪૦ વર્ષની વયે ગુજરાતના સૌથી યુવા નાયબ મુખ્યમંત્રી બનવાનું બહુમાન તેમણે પ્રાપ્ત કર્યું. નાયબ મુખ્યમંત્રી તરીકે પણ તેમણે ગૃહ, કાયદો અને ન્યાયતંત્ર, ઉદ્યોગ અને નાગરિક ઉડ્ડયન જેવા અતિ મહત્વના વિભાગોની જવાબદારી સંભાળીને રાજ્યના વિકાસ મોડેલને નવી ગતિ આપી છે.

નિષ્કર્ષ

એક સામાન્ય કાર્યકર્તાથી શરૂ કરીને પોતાની મહેનત, સંવેદનશીલતા અને કડક વહીવટના બળે ગુજરાતના રાજકારણમાં શિખર સર કરનાર હર્ષ સંઘવી આજે રાજ્યના લાખો યુવાનો માટે પ્રેરણા સ્ત્રોત બન્યા છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબૂત રાખવી હોય કે પ્રજાના પ્રશ્નોનું તાત્કાલિક નિવારણ કરવું હોય, હર્ષ સંઘવીની શૈલી હંમેશાં પરિણામલક્ષી રહી છે.

## E20 પેટ્રોલ વિરુદ્ધ આપ (AAP) નો માસ્ટરસ્ટ્રોક! નવી દિલ્હીમાં યોજાયો રાષ્ટ્રીય ટાઉનહોલ, અરવિંદ કેજરીવાલે સરકાર સામે ઠોકી કડક માંગણીઓ!

ઈથેનોલ મિશ્રિત E20 પેટ્રોલને કારણે દેશના કરોડો વાહનચાલકોની ગાડીઓ અને ખિસ્સા બંને બરબાદ થઈ રહ્યા છે, ત્યારે આ ગંભીર મુદ્દા પર આમ આદમી પાર્ટી (AAP) એ કેન્દ્ર સરકાર સામે સીધો મોરચો માંડી દીધો છે. શનિવારે નવી દિલ્હીના પ્રતિષ્ઠિત કોન્સ્ટિટ્યુશન ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે AAP દ્વારા E20 પેટ્રોલના વિરોધમાં એક વિશાળ રાષ્ટ્રીય ટાઉનહોલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ, પ્રખ્યાત કોમેડિયન શ્યામ રંગીલા, જાણીતા યુટ્યુબર્સ તેમજ ગાડી-બાઈકના મિકેનિક્સ અને ઓટોમોબાઈલ નિષ્ણાતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

કેજરીવાલનો સીધો પ્રહાર: 'જનતાને પસંદગીનો અધિકાર આપો, જબરદસ્તી કેમ?'

ટાઉનહોલને સંબોધતા અરવિંદ કેજરીવાલે સરકારની નીતિઓ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે દેશના તમામ પેટ્રોલ પંપ પર લોકોને ઈથેનોલ મિશ્રિત E20 પેટ્રોલ અને સામાન્ય (પ્યોર) પેટ્રોલમાંથી પોતાની પસંદગીનું ઈંધણ પુરાવવાનો સ્પષ્ટ વિકલ્પ આપવાની માંગ કરી હતી. કેજરીવાલે તીખા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, જો ઈથેનોલ પેટ્રોલ કરતાં ઘણું સસ્તું છે, તો ઈથેનોલ મિશ્રિત E20 પેટ્રોલનો ભાવ સામાન્ય પેટ્રોલ કરતાં નોંધપાત્ર રીતે ઓછો હોવો જોઈએ! સરકારે આ સસ્તા ઈથેનોલનો સીધો ફાયદો દેશની પ્રજાને આપવાને બદલે પેટ્રોલના ભાવ આસમાને પહોંચાડી દીધા છે. મિકેનિક્સ અને યુટ્યુબર્સે ખોલી પોલ: ગાડીઓ થઈ રહી છે બરબાદ! કાર્યક્રમમાં હાજર રહેલા કાર અને બાઈકના અનુભવી મિકેનિક્સ તથા ટેકનિકલ યુટ્યુબર્સે પ્રેક્ટિકલ પુરાવા સાથે E20 ઈંધણના કારણે વાહનોના એન્જિન, રબરના પાર્ટ્સ અને ફ્યુઅલ પંપમાં થતા ભારે નુકસાનની પોલ ખોલી હતી. લોકોના કરોડો રૂપિયાના વાહનો માત્ર આ E20 ઈંધણના કારણે બંધ પડી રહ્યા છે અને લોકો માથે હજારો રૂપિયાના રિપેરિંગ ખર્ચ આવી રહ્યા છે. જનતાના ખિસ્સા પર ડાકા સામે જંગ!

E20 પેટ્રોલના નામે દેશના સામાન્ય વાહનચાલકો સાથે થઈ રહેલી આ ખુલ્લી લૂંટ સામે હવે આમ આદમી પાર્ટીએ આરપારની લડાઈનું બ્યુગલ ફૂંકી દીધું છે. ટાઉનહોલમાંથી જનતાના અવાજને બુલંદ કરીને કેજરીવાલે પેટ્રોલના ભાવમાં તત્કાલ ઘટાડો કરવાની અને E20 પેટ્રોલનો બળજબરીથી કરાતો વપરાશ બંધ કરાવવાની આક્રમક માંગ કરી છે. હવે જોવાનું એ રહે છે કે દેશના કરોડો વાહનચાલકોની આ રાષ્ટ્રીય સમસ્યા પર કેન્દ્ર સરકાર શું નિર્ણય લે છે!

## "તાનાશાહ ડરી ગયો..!!": યુવાઓ અને Gen-Z ની તાકાત સામે તંત્ર ઘૂંટણિયે? જંતર મંતરથી દેશવ્યાપી આક્રોશની ગુંજ!

દેશમાં રાજકીય ગરમાવો અને જનતાનો આક્રોશ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. દેશના યુવાઓ (Gen-Z) અને જાગૃત નાગરિકોએ ડરનો માહોલ ફગાવી દઈને સીધો સત્તાના શિખર સામે મોરચો માંડ્યો છે. શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ હવે યુવાઓ અને જનતાનો આક્રોશ વધુ ઉગ્ર બન્યો છે. દેશના ખૂણે-ખૂણેથી એકત્ર થયેલા દેશભક્ત યુવાનો અને નાગરિકો હવે પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીના રાજીનામાની માંગ સાથે ફરી એકવાર દિલ્હીના ઐતિહાસિક જંતર મંતર પર ડેરા તંબુ તાણીને બેસી ગયા છે. ઈતિહાસ સાક્ષી છે: સરમુખત્યાર સરકારોનો તખ્તો યુવાઓ જ પલટે છે! ઈતિહાસ હંમેશાં એ વાતનો સાક્ષી રહ્યો છે કે જ્યારે પણ દેશમાં અસંતોષનો દાવાનળ સળગ્યો છે, ત્યારે ફેરફારની ક્રાંતિ ફક્ત અને ફક્ત દેશના યુવાઓ અને જાગૃત નાગરિકો જ લાવ્યા છે. 'જમીન નીચે દાટેલા મડદાંઓ એ ક્યારેય ક્રાંતિ લાવી નથી' - આ મંતવ્ય સાથે આજે દેશનો યુવા વર્ગ પોતાની તાકાત ઓળખીને બાંયો ચઢાવીને રસ્તા પર ઉતરી આવ્યો છે. આઈટી સેલ અને ટ્રોલ આર્મી સામે જનતાનો જવાબ છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર વિપક્ષી નેતાઓ, મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ અને ઈન્દિરા ગાંધી જેવા દેશના મહાનુભાવો સામે વિરોધીઓ દ્વારા ચલાવવામાં આવતા ટ્રોલિંગ અને ભાષાના નીચા ધોરણો સામે જનતાનો આક્રોશ ફાટી નીકળ્યો છે. લાખો યુવાનો અને નાગરિકોએ જ્યારે એકસૂરે અવાજ ઉઠાવ્યો.



### ચૈતર વસાવા સામે ભાજપના 'મૌન' પાછળ શું રંધાઈ રહ્યું છે?

# "7 વર્ષની સજા છતાં ધારાસભ્ય પદ રદ કરવાનો કાગળ નથી મોકલ્યો...!" : શું ભાજપમાં જોડાશે?

ગાંધીનગર/નર્મદા

ગુજરાતના રાજકારણમાં અચાનક મોટો ગરમાવો આવી ગયો છે. આમ આદમી પાર્ટી (AAP) ના ડેડિયાપાડાના ચર્ચિત અને આક્રમક આદિવાસી ધારાસભ્ય ચૈતર વસાવા સામે ૭ વર્ષની જેલની સજાના હુકમ બાદ પણ હજુ સુધી તેમનું ધારાસભ્ય પદ રદ કરવાની કોઈ સત્તાવાર પ્રક્રિયા હાથ ધરાઈ નથી! કાયદાકીય નિયમો મુજબ ૨ વર્ષથી વધુની સજા થતાં જ ધારાસભ્ય પદ આપોઆપ અથવા ત્વરિત ગેરલાયક (Disqualify) ઠેરવવાનો પત્ર વિધાનસભાસચિવ કે સરકાર તરફથી બહાર પાડવામાં આવતો હોય છે. પરંતુ આ કેસમાં કાગળો મોકલવામાં થઈ રહેલો 'વિલંબ' હવે અનેક રાજકીય અટકળો અને ચર્ચાઓને જન્મ આપી રહ્યો છે.



સામાન્ય રીતે વિપક્ષી નેતાઓ સામે કાયદાનો કોરડો વીંઝવામાં તંત્ર સહેજ પણ વાર નથી કરતું, ત્યારે ચૈતર વસાવાના કિસ્સામાં ભાજપ સરકારનું આ મૌન અને ઢીલું વલણ શું સૂચવે છે?

અંદરખાને કઈ ખીચડી રંધાઈ રહી છે? રાજકીય ગલિયારાઓમાં સનસનાટીભરી ચર્ચા ચાલુ થઈ ગઈ છે કે શું પડદા પાછળ ભાજપ અને ચૈતર વસાવા વચ્ચે કોઈ મોટું 'સેટિંગ' કે 'રાજકીય સમાધાન' આકાર લઈ રહ્યું છે? વિધાનસભા સ્પીકર અને તંત્રનો મૌન ખેલ: સજા સંભળાવ્યાને દિવસો વીતી ગયા હોવા છતાં, કાયદાકીય મંજૂરી કે વિધાનસભામાં પદ રદ કરવાનો પત્ર કેમ અટકાવી રાખવામાં આવ્યો છે? શું તંત્ર પર ઉપરથી કોઈ ખાસ 'સૂચના' છે?

આદિવાસી બેલ્ટમાં મજબૂત પકડ ધરાવતા ચૈતર વસાવા જો ભાજપમાં જોડાય અથવા ભાજપ સાથે આડકતરી સમજૂતી કરે, તો દક્ષિણ ગુજરાત અને આદિવાસી પટ્ટાનું આખું રાજકીય ચિત્ર બદલાઈ શકે છે.

આદિવાસી વિસ્તારમાં ભાજપને એક આક્રમક અને જમીની નેતાની જરૂર છે. જો ચૈતર વસાવા કેસની જંજીરોમાંથી બચવા માટે કે રાજકીય ભવિષ્ય સાચવવા ભાજપનો હાથ પકડે, તો કેસરિયા બ્રિગેડ માટે આદિવાસી વોટબેંક કબ્જે કરવી આસાન બની જાય.

૭ વર્ષની સજાનો અર્થ એ થાય કે તેમની રાજકીય કારકિર્દી પર લાંબા સમય માટે પૂર્ણવિરામ મુકાઈ શકે છે. તેવામાં સજામાંથી રાહત મેળવવા કે સત્તાનો સાથ મેળવવા ભાજપમાં જોડાવું એ જ તેમની પાસે એકમાત્ર વિકલ્પ બચ્યો છે? આ પરિસ્થિતિને કારણે આમ આદમી પાર્ટીના ખેમામાં પણ ભારે ફફડાટ અને ચિંતાનો માહોલ છે. જો ચૈતર વસાવા ભાજપનો કેસરીયો ધારણ કરી લે છે, તો 'આપ' માટે ગુજરાતમાં મોટો આંચકો સાબિત થશે. હવે જોવાનું એ રહેશે કે શું ભાજપ સરકાર આ કાગળ અટકાવીને ચૈતર વસાવા માટે ભાજપના દરવાજા ખુલ્લા રાખી રહી છે, કે પછી આ માત્ર કાયદાકીય પ્રક્રિયાનો વિલંબ છે?

### સનાતન વતી સમગ્ર દેશમાં 81 સ્થળોએ; જ્યારે

# ગુજરાત રાજ્યમાં 3 સ્થળોએ 'ગુરુપૂર્ણિમા મહોત્સવ' સંપન્ન !

ગાંધીનગર

ગુજરાત - ''સમગ્ર વિશ્વ પર ઘેરાઈ રહેલું ત્રીજા વિશ્વયુદ્ધનું સંકટ, વધતી મોંઘવારી, બેરોજગારી અને જીવલેણ સ્પર્ધાને કારણે સમાજમાં વ્યાપી રહેલી નિરાશા, આવી અત્યંત ભીષણ અને અસ્થિર પરિસ્થિતિમાંથી સમાજને ઉગારવા માટે હવે માત્ર ભૌતિક ઉપાયો પૂરતા નથી. આજે દિશાહીન બનેલા સમાજને ફરી એકવાર પ્રભુ શ્રીરામના આદર્શો પર આધારિત 'રામરાજ્ય'ની અત્યંત આવશ્યકતા છે. જોકે, આ રામરાજ્ય માત્ર રાજકીય કે ભૌતિક પ્રયાસોથી સાકાર નહીં થાય, પરંતુ તેના માટે સમાજ પાસે 'સાધના' અને 'ગુરુચરણો'નું દૃઢ આધ્યાત્મિક અધિષ્ઠાન હોવું અનિવાર્ય છે. જ્યારે સમાજની આધ્યાત્મિક શ્રદ્ધા પ્રત્યક્ષ સુશાસનમાં પરિવર્તિત થાય છે, ત્યારે જ સાચા અર્થમાં રામરાજ્યની પરોઢ થાય છે,'' એવું તેજસ્વી પ્રતિપાદન સનાતન સંસ્થાના શ્રીમતી ગીતાબેન ધારપ દ્વારા કરવામાં આવ્યું. સનાતન




સંસ્થા દ્વારા કર્ણાવતી ખાતે અત્યંત ભાવપૂર્ણ વાતાવરણમાં આયોજિત કરવામાં આવેલા 'ગુરુપૂર્ણિમા હોત્સવ'માં તેઓ બોલી રહ્યા હતા. આ વર્ષે સંસ્થા તરફથી ગુજરાતી, હિંદી, અંગ્રેજી, મરાઠી, કન્નડ, તેલુગુ, મલયાલમ જેવી વિવિધ ભાષાઓમાં સમગ્ર દેશમાં ૮૧ સ્થળોએ, જ્યારે ગુજરાત રાજ્યમાં 3 સ્થળોએ આ મહોત્સવ સંપન્નથયો. આગામી વૈશ્વિક યુદ્ધ અને આપત્કાળના ઓછાયાને ધ્યાનમાં રાખીને, હિંદુઓએ પ્રાથમિક સારવાર (First Aid), અગ્નિશમન (Firefighting) અને સ્વરક્ષણનું પ્રશિક્ષણ લેવા માટે સંસ્થા વતી આવાહન કરવામાં આવ્યું. શ્રી જગન્નાથજી કુંજ બિહારીજી 'ભારત ભારતીય સંગઠન'ના રાષ્ટ્રીય મંત્રી તેઓએ ગુરુપૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે જણાવ્યું હતું કે, 'આ ગુરુપૂર્ણિમાના અવસર પર આપણે સૌ એવો સંકલ્પ લઈએ કે, આપણે ભારતીય સંસ્કૃતિના સંસ્કારો આપણા પોતાનામાં અને આપણા પરિવારમાં ઉતારીશું.

# સાંપડ ગામે યુવાન નદીમાં ડૂબ્યો હોવાની આશંકા: ફાયર ટીમની 2 કલાકની સઘન શોધખોળ છતાં પત્તો નહીં

ઈડર, જાકીર મેમણ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સાંપડ ગામે એક યુવાન નદીના પાણીમાં ડૂબ્યો હોવાની આશંકાથી સમગ્ર પંથકમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. રાત્રિના સમયે યુવાન ઘરે પરત ન ફરતાં અને છેલ્લે તેને નદી કિનારે જોવામાં આવ્યો હોવાની માહિતી મળતાં જ પરિવારજનો તેમજ ગ્રામજનોમાં ભારે અફરાતફરી સર્જાઈ હતી.



પ્રાપ્ત પ્રાથમિક માહિતી અનુસાર, સાંપડ ગામ નજીક આવેલા સાબરમતી અને હાથમતી નદીઓના સંગમ સ્થળે વિક્રમ પુનમભાઈ રાવળ નામનો યુવાન ડૂબ્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. યુવાન ગુમ થતાં સ્થાનિક સ્તરે શોધખોળ શરૂ કરવામાં આવી હતી, પરંતુ તેનો કોઈ પત્તો લાગ્યો નહોતો.

ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી સાંપડ ગામના સરપંચ ચંદુભાઈ દ્વારા તાત્કાલિક પ્રાંતિજ પોલીસ, તલાટી તેમજ પ્રાંતિજ ફાયર વિભાગની ટીમને જાણ કરવામાં આવી હતી. ઘટનાસ્થળે દોડી આવેલી પ્રાંતિજ ફાયર ટીમે નદીના વહેણમાં આશરે બે કલાક સુધી સઘન બોટિંગ અને રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું.


તમામ પ્રયાસો અને લાંબી શોધખોળ છતાં યુવાનનો કોઈ પત્તો ન લાગતાં અંતે ફાયર ટીમે પ્રાથમિક કામગીરી પૂર્ણ કરી હતી.

### તમામ મુદ્દામાલ કબજે

# વિશ્વાસ તોડી બારદાન સગેવગે કરનાર ડ્રાઈવરને જેતપુર સીટી પોલીસે દબોચ્યો

જેતપુર, સુરેશ ભાલીયા

જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક ગુનાહિત વિશ્વાસઘાતના કેસમાં પોલીસે પ્રશંસનીય અને ત્વરિત કામગીરી કરીને ગણતરીના કલાકોમાં જ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે આ કેસમાં ફરિયાદીનો ગયેલો 100 ટકા મુદ્દામાલ રિકવર કરી લીધો છે અને ગુનામાં સંડોવાયેલા આરોપીની ધરપકડ કરી લીધી છે. આ સમગ્ર કામગીરી ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા પાર પાડવામાં આવી





હતી. આ ગુનાની વિગત મુજબ, ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ-316(3) મુજબ જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. જેમાં એક ટ્રક નંબર-GJ-37-T-5927 ના ડ્રાઈવરે ફરિયાદીનો વિશ્વાસ જીતીને, ટ્રકમાં બારદાન કોથળા નંગ-15,750 ભરાવી તેની ઉપર તાલપત્રી ઓઢાડી રાજકોટ ખાતે માલ ઉતારવા રવાના કર્યા હતા. પરંતુ ડ્રાઈવરે ફરિયાદીનો વિશ્વાસ ભરોસો તોડીને રસ્તામાં ક્યાંક તેમાંથી બારદાન કોથળા નંગ-5,775 કિંમત રૂપિયા 2,05,000/-નો માલ સગેવગે કરી નાખ્યો હતો અને વિશ્વાસઘાત કર્યો હતો. પોલીસે આ કેસની તપાસમાં ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સિસ એટલે કે બાતમીદારોની મદ લીધી હતી. આ સચોટ તપાસના અંતે પોલીસે ગુનામાં સંડોવાયેલા આરોપી શબીરભાઈ ઈકબાલભાઈ છીત્રા, રહે. જામનગર, મોર કંડા રોડ, ગરીબ નવાઝ સોસાયટી-02, તા.જી. જામનગર ને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી ગુનામાં ગયેલો 100% મુદ્દામાલ રિકવર કરી લીધો છે અને આરોપીને હાલ જેતપુર સબ જેલ ખાતે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યો છે.

### સદનસીબે જાનહાનિ ટળી

# ભારે વરસાદના કારણે કદવાલના સિગાપુરા ગામે મકાન ધરાશાયી થયો

કદવાલ, ઈરફાન મકરાણી

છેલ્લા કેટલાક દિવસોથી વિસ્તારમાં સતત પડી રહેલા ભારે વરસાદના કારણે જનજીવન પર અસર જોવા મળી રહી છે. ત્યારે કદવાલ તાલુકાના સિગાપુરા ગામે વરસાદના કારણે એક મકાન ધરાશાયી થવાની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ સિગાપુરા ફળિયામાં રહેતા કરણભાઈ રામસિંહભાઈનું કાચું મકાન સતત વરસાદને કારણે નબળું પડી જતાં અચાનક ધરાશાયી થઈ ગયું હતું. ઘટનાના સમયે પરિવારના સભ્યો પોતાના પશુઓ માટે ઘાસચારો લેવા ખેતરમાં ગયા હોવાથી મકાનમાં કોઈ હાજર ન હતું. જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી અને સદનસીબે કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી. મકાન ધરાશાયી થતાં ઘરમાં રાખવામાં આવેલ ઘરવખરી



અને અન્ય સામાનને પણ નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં આસપાસના ગ્રામજનો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને અસરગ્રસ્ત પરિવારને મદદરૂપ બન્યા હતા. વિસ્તારમાં સતત વરસી રહેલા વરસાદને કારણે કાચા અને જર્જરિત મકાનોમાં રહેતા પરિવારો માટે જોખમ વધ્યું હોવાનું સ્થાનિક લોકો જણાવી રહ્યા છે. ગ્રામજનોએ તંત્રને અસરગ્રસ્ત પરિવારને વહેલી તકે સર્વે કરી સરકારી સહાય આપવામાં આવે.

### બાજુના મકાનની દિવાલને પણ ભારે નુકસાન થયું

# બોડેલી તાલુકાના જબુગામ ખાતે આવેલ નવા બજારમાં ભારે વરસાદથી મકાન ધરાશાયી

બોડેલી, ઇમરાન મિર્ઝા

હવામાન વિભાગની આગાહી મુજબ છેલ્લા બે દિવસથી બોડેલી તાલુકા સહિત સમગ્ર વિસ્તારમાં મુશળધાર વરસાદ વરસી રહ્યો છે. સતત વરસાદને કારણે અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સાથે નુકસાનની ઘટનાઓ પણ સામે આવી રહી છે.



આ દરમિયાન બોડેલી તાલુકાના જબુગામના નવા બજાર વિસ્તારમાં આવેલ ગોવિંદભાઈનું મકાન ભારે વરસાદના કારણે રાત્રે 7 વાગ્યાના અરસામાં ધરાશાયી થયુ હોવાનું જાણવા મળ્યું છે

સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ઘટનાથી પરિવારમાં તથા બાજુમાં રહેતા મધ્યમ વર્ગી પરિવાર માં ભયનો માહોલ છવાઈ ગયો હતો.

મકાન ધરાશાયી થતાં તેની બાજુમાં રહેતા ગરીબ મધ્યમવર્ગીય બુધાભાઈ પૂજલાલ તડવીના મકાનની દિવાલને પણ ભારે નુકસાન પહોંચ્યું છે. પરિવારના જણાવ્યા અનુસાર દિવાલમાંથી ઈંટ તૂટી પડતાં તેમની માસૂમ બાળકીને માથાના ભાગે ઈજા પણ પહોંચી હતી.

જ્યારે સમગ્ર મામલે બુધાભાઈ ના પરિવાર દ્વારા વહીવટી તંત્રને ઘટનાની તાત્કાલિક નોંધ લઈ સ્થળનું નિરીક્ષણ કરવા તેમજ નુકસાનગ્રસ્ત પરિવારને સરકારી સહાય અને દિવાલના પુનઃનિર્માણ માટે આર્થિક સહાય આપવામાં આવે તેવી માંગ કરી છે. ભારે વરસાદને પગલે વિસ્તારના લોકોમાં પણ ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ઈડરમાં ધોધમાર વરસાદ, પાર્ક કરેલી કાર તણાઈ...!

ઈડર, જાકીર મેમણ

ડેભોલ વિસ્તારમાં ઘટના, સદનસીબે કોઈ જાનહાનિ નહીં ઈડર શહેરમાં આજે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદના કારણે ડેભોલ વિસ્તારમાં પાર્ક કરેલી એક કાર પાણીમાં તણાતી જોવા મળી હતી. સદનસીબે કારમાં કોઈ સવાર ન હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી. ઈડર તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી વરસાદની અછત હતી, જેના કારણે



ખેડૂતો ચિંતિત હતા.બે દિવસની અસહ્ય ગરમી બાદ આજે બપોરે ૧૨ વાગ્યાથી વરસાદ શરૂ થયો હતો. ડેભોલ વિસ્તારમાં ગણપતિ મંદિર આવેલું છે અને ચોમાસામાં અહીં ડુંગરનું પાણી મોટા પ્રમાણમાં આવે છે. ભારે વરસાદને કારણે પાણીનો પ્રવાહ એટલો તેજ હતો કે પાર્ક કરેલી કાર તેમાં તણાઈ ગઈ હતી. હાલ કારને બહાર કાઢવાના પ્રયાસો શક્ય નથી, કારણ કે પાણીનું સ્તર નીચું ન જાય ત્યાં સુધી તેને બહાર કાઢી શકાશે નહીં.

### ભરૂચ: A.N.T.F. વડોદરા ઝોનની મોટી કાર્યવાહી

# 540 પ્રતિબંધિત Pentazocine Injection સાથે એક આરોપી ઝડપાયો

ભરૂચ, ઇમરાન મિર્ઝા

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર ખાતે ગેરકાયદેસર રીતે પ્રતિબંધિત Pentazocine Lactate Injectionનું વેચાણ કરતા શખ્સ સામે A.N.T.F. વડોદરા ઝોન દ્વારા સફળ કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે એક આરોપીની ધરપકડ કરી તેની પાસેથી કુલ રૂ. 53,480નો મુદ્દામાલ કબજે કર્યો છે. મળતી માહિતી મુજબ, પોલીસ અધિક્ષક લોકેશ યાદવ, ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક રોહન આનંદ તેમજ નાયબ પોલીસ અધિક્ષક કે.ડી. ખાંભલા અને ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક કે.વી. ડીંડોરાના માર્ગદર્શન હેઠળ એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ પ્રતિબંધિત માદક દ્રવ્યોના ગેરકાયદેસર વેપાર સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



આ દરમિયાન A.N.T.F. વડોદરા ઝોનના પોલીસ ઈન્સ્પેક્ટર જે.ઝેડ. વસાવાના માર્ગદર્શન હેઠળ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે અંકલેશ્વરના અંસાર માર્કેટ વિસ્તારમાં આવેલી એક ભાડાની દુકાનમાં પંચોની હાજરીમાં દરોડો પાડવામાં આવ્યો હતો.

દરોડા દરમિયાન પોલીસે સરફરાજ અહેમદ શમશાદ અહેમદ ખાન (ઉ.વ. 31) નામના આરોપીને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી Pentazocine Lactate Injection IP 30 mg/mlના કુલ 540 ઈન્જેક્શન, એક મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી કુલ રૂ. 53,480નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં આ પ્રતિબંધિત ઈન્જેક્શન માટે જરૂરી પાસ-પરમિટ અથવા ડોક્ટરનું પ્રિસ્ક્રિપ્શન ન હોવાનું સામે આવ્યું છે. પોલીસે જણાવ્યું છે કે આ જથ્થો મોકલનાર આશુતોષ પાંચ્યે (રહે. મુંબઈ) હાલ ફરાર છે અને તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

આ મામલે ભરૂચ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં NDPS Act કલમ 8(C), 22(A) અને 29 હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. સમગ્ર ઘટનાની વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

### જમીન બચાવવાના સંકલ્પ સાથે ખેડૂતો એક થયા

# GIDC સહિત પાંચ પરિયોજનાઓ સામે લડત વધુ તેજ કરવાની રણનીતિ ઘડાઈ

ઝાલોદ, પંકજ પંડિત

છાંયણ ગામે આદિવાસી ખેડૂત આગેવાન મુકેશભાઈ એસ. ડાંગીની અધ્યક્ષતામાં GIDC રદ કરાવવા તેમજ ખેડૂતોના જમીન અધિકારોના રક્ષણ માટે એક વિસ્તૃત બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં મોટી સંખ્યામાં ખેડૂત આગેવાનો અને અસરગ્રસ્ત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા અને આગામી દિવસોમાં સરકાર સામે લડતને વધુ મજબૂત બનાવવા માટેની વ્યૂહરચના ઘડવામાં આવી હતી. બેઠકમાં નક્કી કરવામાં આવ્યું કે આગામી *તા. 13 ઓગસ્ટ, 2026 (ગુરુવાર)*ના રોજ દાહોદ ખાતે GIDC વિસ્તારના ખેડૂતો, દિલ્હી-મુંબઈ કોરિડોર



હાઈવે, ડોમેસ્ટિક એરપોર્ટ, નવીન રેલવે લાઈન તેમજ દહેગામથી કુશલગઢ ફોર-લેન માર્ગ સહિત પાંચેય પરિયોજનાઓથી અસરગ્રસ્ત બનેલા અને બનવા જઈ રહેલા ખેડૂતોની વિશાળ જાહેરસભા યોજાશે. જાહેરસભા બાદ રેલી સ્વરૂપે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી સરકારને આખરી અલ્ટીમેટમ આપવામાં આવશે. બેઠકમાં વધુમાં નિર્ણય લેવાયો કે જો રવિવાર તા. 17 ઓગસ્ટ, 2026 સુધી ખેડૂતોના પ્રશ્ને યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો તા. 18 ઓગસ્ટ, 2026થી જિલ્લા કલેક્ટર કચેરી બહાર અનિશ્ચિત મુદતના ધરણાં શરૂ કરવામાં આવશે.

તેમ છતાં પણ પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો ખેડૂત આગેવાન મુકેશભાઈ એસ. ડાંગી આમરણ ઉપવાસ પર બેસશે તેવી જાહેરાત પણ બેઠકમાં કરવામાં આવી હતી. બેઠકની શરૂઆત પહેલાં જમીન સર્વેનો વિરોધ કરતાં જેલવાસ ભોગવનાર સાત ખેડૂતોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

# છોટાઉદેપુર: તેજગઢના હરદાસપુરા ગામે બોરિંગમાંથી નીકળે છે ગરમ પાણી, સ્થાનિકોમાં કુતૂહલ સર્જાયું...!

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર તાલુકાના તેજગઢ ના હરદાસપુરા ગામમાં એક અજીબો ગરીબ ઘટના સામે આવી છે બોરના પાણીમાંથી ગરમ લ્હાય બળતું પાણી આવતું હોય જેથી ખૂબજ આશ્ચર્ય ફેલાયું છે અને સમગ્ર વિસ્તારમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે જ્યારે આ ઘટના બનતા આજ આસપાસના લોકો જોવા પણ દોડી આવે છે

છોટાઉદેપુર જિલ્લાના તેજગઢ તાલુકાના હરદાસપુરા ગામમાં એક અદ્ભુત ઘટના સામે આવી છે. ગામના રહેવાસી છત્રસિંહ



રમણભાઈ રાઠવાના બોરિંગમાંથી પૂનમના દિવસથી ગરમ પાણી નીકળતું હોવાનું સામે આવ્યું છે. આ અનોખી ઘટનાને જોવા માટે આસપાસના ગામોમાંથી લોકો મોટી સંખ્યામાં સ્થળ પર પહોંચી રહ્યા છે. સામાન્ય રીતે બોરિંગમાંથી સામાન્ય તાપમાનનું પાણી નીકળે છે, પરંતુ અહીં ગરમ પાણી નીકળતા લોકોમાં આશ્ચર્ય અને કુતૂહલ જોવા મળી રહ્યું છે.

આ ઘટનાની વધુ તપાસ કરવા માટે અમારી ટીમે ગામના તલાટી-કમ-મંત્રીનો સંપર્ક કર્યો હતો. તેમણે પણ પ્રાથમિક માહિતીના આધારે જણાવ્યું કે બોરિંગમાંથી ગરમ પાણી નીકળવાની ઘટના સાચી છે. જોકે, ગરમ પાણી નીકળવાનું ચોક્કસ કારણ જાણવા માટે સંબંધિત વિભાગ અને નિષ્ણાતો દ્વારા વૈજ્ઞાનિક તપાસ કરવામાં આવે તે જરૂરી છે. હાલ આ ઘટના સમગ્ર તેજગઢ પંથકમાં ચર્ચાનો વિષય બની છે અને લોકોમાં આ અંગે ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.



### બર્થ ડે પર કહી સેટ પરના ચેલેન્જની વાત

# કિયારા અડવાણીએ ‘Toxic’માં પોતાના પાત્ર અંગે ખોલ્યું રહસ્ય

મુંબઈ

મુંબઈઃ સાઉથના સુપરસ્ટાર યશની મચ અવેઈટેડ ફિલ્મ ’ટોક્સિક’ની ત્રણ-ત્રણ વાર રિલીઝ ડેટ બદલ્યા બાદ આખરે રિલીઝ થવા માટે તૈયાર છે. આ ફિલ્મનું એક ગીત પણ રિલીઝ કરી દેવામાં આવ્યું છે. જેમાં યશ અને કિયારા રોમાન્સ કરી રહ્યા છે. હોટ સીનને લઈને ગીતની ચર્ચા થઈ રહી છે ત્યારે કિયારાએ આ ફિલ્મમાં પોતાના રોલને લઈ એક મોટી અને મહત્ત્વની વાત કહી છે. પોતાના પાત્રને લઈને દિલ ખોલીને વાત કરતા એક્ટ્રેસે કહ્યું હતું કે, હું એવા રોલની શોધમાં હતી જેમાં કંઈક અલગ હોય. ખરેખર તો આ ફિલ્મને લઈને કિયારાએ જે મહેનત કરી છે એની પણ ફેન્સ પ્રશંસા કરી રહ્યા છે. કિયારા અડવાણી પોતાનો બર્થ ડે (31 જુલાઈ) સેલિબ્રેટ કરી રહી છે. ટૂંક સમયમાં તે પોતાની નવી ફિલ્મ ’ટોક્સિક’માં જોવા મળશે. ફિલ્મમાં પોતાના પાત્રને અને પર્ફોમન્સને લઈને વાત કરી છે. ફેન્સ પણ તેના આ બે પાસાના ખૂબ વખાણ કરી રહ્યા છે. ફેન્સ એવું કહી રહ્યા છે કે, ફિલ્મમાં માત્ર યશને જ લીડ રોલ તરીકે જોવામાં આવી રહ્યો છે. એક્ટ્રેસ પર ખાસ કોઈ ફોક્સ નથી. પણ કિયારાએ જે પોસ્ટર શૅર કર્યું છે એને લઈ ફરી ફેન્સ ચર્ચા કરી રહ્યા છે. આ સાથે કિયારાએ મહિલાને મળી રહેલા પાત્ર અંગે પણ દિલ ખોલીને વાત કરી છે. માત્ર મહિલાઓને લઈને જ નહીં પોતાના પાત્રને લઈને પણ પોતાની વાત કહી છે. આ ફિલ્મમાં કિયારા નાદીયાના પાત્રમાં દેખાશે. નવા પોસ્ટરે ફેન્સને ખૂબ જ ઈમ્પ્રેસ કર્યા છે. આ માહોલ વચ્ચે કિયારાએ મસ્ત રીતે પોતાનો બર્થ ડે મનાવ્યો હતો અને પ્રોડક્શન હાઉસે એક વિડિયો પણ શૅર કર્યો હતો. કેપ્શન લખ્યું હતું કે, હમારી નાદીયા કો બર્થ ડે કી શુભકામના. આ પોસ્ટરમાં કિયારા રેડ કલરના ડ્રેસમાં જોવા મળી રહી છે. વધુ એકવાર કિયારાનો એક ગ્લેમરસ લૂક સામે આવ્યો છે. એક ખાસ મુલાકાતમાં વાત કરતા કિયારાએ કહ્યું હતું કે, ગીતુ મોહનદાસે મને આ ફિલ્મની આખી સ્ટોરી કહી હતી. જ્યારે પહેલીવાર ફિલ્મની સ્ટોરી સામે આવી એ સમયે હું ખૂબ જ શોક થઈ ગઈ. એક વ્યક્તિ આવું પાત્ર કેવી રીતે લખી શકે? નાદીયાનો રોલ જુદા જુદા ઈમોશન્સ સાથે જોડાયેલો છે. મજબૂરી, તાકાત, નબળાઈ, અફેક્શન અને ઈમોશનલ એમા બધુય આવી જાય છે. મને આ પાત્રમાં બધુય મળ્યું છે.

**આ ફિલ્મ 26 ઓગસ્ટના રોજ થિયેટર્સમાં આવી રહી છે. આ ફિલ્મને લઈ ફેન્સ રાહ જોઈને બેઠા છે.**

# જૅનિફર વિંગેટનો પૈઠણી લુક વાયરલ થયો

### સામાન્ય બ્લાઉઝની જગ્યાએ સ્લીક ટ્યુબ બ્લાઉઝ પસંદ કરીને તેણે સાડીને ફ્યુઝન સ્ટાઇલમાં રજૂ કરી છે



મુંબઈ

ટીવીની જાણીતી અભિનેત્રી જૅનિફર વિંગેટ ફરી એકવાર ચર્ચામાં છે, પરંતુ આ વખતે તેના અભિનયને કારણે નહીં, પરંતુ તેના ટ્રેડિશનલ અને ગ્લેમરસ લુકને કારણે. સોશિયલ મીડિયા પર જૅનિફરનો લીલી પૈઠણી સાડીમાં એક લુક વાયરલ થઈ રહ્યો છે. ખાસ વાત એ છે કે પરંપરાગત પૈઠણી સાથે તેણે ટ્યુબ બ્લાઉઝ પહેરીને ટ્રેડિશનલ લુકને એકદમ મોડર્ન ટચ આપ્યો છે.

જૅનિફરની લીલી પૈઠણી સાડી પરની સોનેરી જરીની નકશી તેના લુકને રોયલ ટચ આપે છે. સામાન્ય બ્લાઉઝની જગ્યાએ સ્લીક ટ્યુબ બ્લાઉઝ પસંદ કરીને તેણે સાડીને ફ્યુઝન સ્ટાઈલમાં રજૂ કરી છે. પરંપરાગત પૈઠણી અને બોલ્ડ પરંતુ એલિગન્ટ બ્લાઉઝનું આ કોમ્બિનેશન સોશિયલ મીડિયા પર ફેશનપ્રેમીઓનું ધ્યાન ખેંચી રહ્યું છે.

જૅનિફરે પોતાના લુકને ભપકો આપવાની જગ્યાએ કરવાને બદલે મિનિમલ રાખ્યો છે. કાનમાં સ્ટાઈલિશ ઈયરિંગ્સ અને હાથમાં સિમ્પલ બ્રેસલેટ સાથે તેણે ખૂબ ઓછા દાગીના પહેર્યા છે. સોફ્ટ વેવી હેરસ્ટાઈલ અને ન્યૂડ મેકઅપે તેના લુકને નેચરલ અને ગ્રેસફુલ બનાવ્યો છે. આ આખો લુક ટ્રેડિશનલ હોવા છતાં તેમાં મોડર્ન અને ગ્લેમરસ વાઈબ જોવા મળે છે.

જૅનિફર વિંગેટના અંગત જીવનની વાત કરીએ તો તેના લગ્ન અભિનેતા કરણ સિંહ ગ્રોવર સાથે થયા હતા, જોકે બંનેના છૂટાછેડા થઈ ગયા હતા. હવે 12 વર્ષ બાદ ફરી લગ્નને લઈને તેની ચર્ચા થઈ રહી છે. આ દરમિયાન તેનો પૈઠણી લુક પણ સોશિયલ મીડિયા પર છવાયો છે. પરંપરાગત સાડીને નવા અંદાજમાં પહેરવાની ઈચ્છા ધરાવતી યુવતીઓ માટે જૅનિફરનો આ લુક ચોક્કસપણે ફેશન ઈન્સ્પિરેશન બની શકે છે.

# એક ડાન્સ સિક્વન્સ અને એક્શન સીન કરવો રશ્મિકાને ભારે પડ્યો

### સાઉથ અને બોલિવૂડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાનું એક આગવું સ્થાન કાયમ કરનાર એક્ટ્રેસ રશ્મિકા મંદાના ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ

મુંબઈ

સાઉથ અને બોલિવૂડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાનું એક આગવું સ્થાન કાયમ કરનાર એક્ટ્રેસ રશ્મિકા મંદાના ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ ગઈ છે. એક બિગ બજેટની ફિલ્મ દરમિયાન એક ખતરનાક અકસ્માતમાં તેને ઈજા પહોંચી છે. રિપોર્ટમાંથી એવું જાણવા મળ્યું છે કે, એક હેવી ડાંસ સિક્વન્સ અને હાઈ ઑક્ટેન પર એક્શન સિનના શુટિંગ દરમિયાન રશ્મિકાને ઈજા થઈ છે. આ અકસ્માત થતા સેટ પર દોડધામ મચી ગઈ હતી. આ પછી ડૉક્ટરની ટીમને યુદ્ધના ધોરણે બોલવવામાં આવી હતી. તબીબોની ટીમે તપાસ કર્યા બાદ ડૉક્ટરે ખુલાસો કર્યો હતો કે, રશ્મિકા મંદાનાના ફેન્સના ધબકારા વધી ગયા છે. આ અકસ્માત થયા બાદ ચિંતાનો માહોલ છે. રશ્મિકાના હિપ એરિયામાં ઈજા પહોંચી છે. કમરથી નીચેના ભાગમાં સંપૂર્ણ રીતે ટેનડોન ડેટેચમેન્ટ થયું છે. આ પ્રકારના ભયંકર અને દર્દથી ભરેલી ઈજા સામાન્ય રીતે પ્રોફેશનલ એથલિટને થતી હોય છે. જે વધારે પડતું શારીરિક કામ કરે છે. સતત બ્રેક વગર ડાન્સ અને કઠિન એક્શન સીનના કારણે એમની માંસપેશીઓ પર પ્રેશર આવ્યું છે. આ કારણ માસ પેઈન શરૂ થયું છે. ઈજાની ગંભીરતાને ધ્યાને લઈને આગામી છ અઠવાડિયા સુધી સંપૂર્ણ બેડરેસ્ટ કરવાની સૂચના એને આપવામાં આવી છે. રશ્મિકા રણબલી અને માયસા જેવી મોટી અને બહુચર્ચિત ફિલ્મના પ્રોજેક્ટમાં દિવસ-રાત કામ કરી રહી હતી. અચાનક આ પ્રકારના બ્રેકને કારણે મેકર્સને પોતાના શુટિંગ શેડ્યુલમાં ફેરફાર કરવાની જરૂર પડી છે. રશ્મિકા સાથે અકસ્માત થયાની ખબર સોશિયલ મીડિયા પર આવતા ફેન્સ દુઆ કરી રહ્યા છે કે, તે ઝડપથી સ્વસ્થ થઈ જાય. ફિલ્મની ટીમે ખાતરી આપી હતી કે, એમનું સંપૂર્ણ રીતે ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. એમનો ઈલાજ સારી રીતે કરવામાં આવી રહ્યો છે. સંપૂર્ણ રીતે આરામ કર્યા બાદ રશ્મિકા પૂરી રીતે સ્વસ્થ થયા બાદ જ સેટ પર કમબેક કરશે. હાલમાં એમનું રાઉન્ડ ધ ક્લોક ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. રશ્મિકાએ આ સેટ પર ખૂબ લાંબા સમયથી મહેનત કરી રહી હતી.





# શિલ્પા શેટ્ટીની નેપાળ ડાયરીનો પહેલો નજારો વાયરલ થયો

### પશુપતિનાથ મંદિર યુનેસ્કો વર્લ્ડ હેરિટેડ સાઈટમાં આવે છે, દુનિયાભરમાંથી લોકો અહીંયા દર્શન કરવા માટે આવે છે


મુંબઈ

નેપાળના કાઠમંડુમાં આવેલા શિવલિંગ પશુપતિનાથના મંદિરે બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી દર્શન કરવા માટે પહોંચી હતી. મંદિર પરિસરમાંથી તેમણે પોતાની એક તસવીર શૅર કરી હતી. જેમાં તે દર્શન કરતી જોવા મળી હતી. નેપાલ ડાયરીઝ અંતર્ગત શૅર કરવામાં આવેલી તસવીરમાં તે પૂજા કરવા માટે જઈ રહી છે. પશુપતિનાથ મંદિરે શિવજીના દર્શન કરીને એક્ટ્રેસે મસ્ત પોસ્ટ પણ મૂકી હતી. પોતાની એક નવી જર્નીને એક્ટ્રેસે નેપાલ ડાયરીઝ નામ આપ્યું છે. નેપાળમાં આવેલું પશુપતિનાથ મંદિર યુનેસ્કો વર્લ્ડ હેરિટેડ સાઈટમાં આવે છે. દુનિયાભરમાંથી લોકો અહીંયા શિવજીના દર્શન કરવા માટે આવે છે. દર્શન કરીને તસવીર પોસ્ટ કરી શિલ્પા શેટ્ટીએ પશુપતિનાથ મંદિરની બાહરથી એક મસ્ત ફોટો પોસ્ટ કર્યો, જેના કેપ્શનમાં લખ્યું હતું કે, ’@pashupatinath temple ★nepaldiaries’. નેપાળના કાઠમંડુમાં પવિત્ર બાગમતી નદીના કિનારે સ્થિત આ મંદિર દક્ષિણ એશિયાના સૌથી જુના અને સૌથી મહત્ત્વના મંદિર-ધાર્મિક સ્થળમાંથી એક છે. વર્ષ 1979થી યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે આ મંદિરનો સમાવેશ થતા કાઠમંજુ ઘાટી માટે સાત સ્મારક પૈકી એક છે. આ મંદિર પરિસરમાં જ 518 નાના-મોટા મંદિર છે. જેમાં મુખ્ય પૈગોડા શૈલીનું મંદિર પણ આવી જાય છે. વર્ક પોર્ટફોલિયોની વાત કરવામાં આવે તો શિલ્પાએ છેલ્લે કન્નડ ભાષાની ફિલ્મ ’કે.ડી. ધ ડેવિલ’માં કામ કર્યું હતું.આ ફિલ્મમાં ધ્રુવ સરજા, સંજય દત્ત, શિલ્પા શેટ્ટી, વી. રવિચંદ્રન, રમેશ અરવિંદ, રેશ્મા નાનાયા, જીશુ સેનગુપ્તા અને નોરા ફતેહીએ કામ કર્યું છે. શિલ્પા શેટ્ટી હાલમાં રસોઈ રિયાલિટી શો ’મા હૈ ના’ ના હોસ્ટ તરીકે દેખાઈ રહી છે. સેલિબ્રિટી જોડીમાં સ્પર્ધા કરે છે. દરેક જોડીમાં તેમના માતાપિતા અને બાળક સાથે એક સેલિબ્રિટી હોય છે, જે રસોઈ પડકારો અને કોમેડી સેગમેન્ટમાં ભાગ લે છે. અભિનેત્રીએ અનામત અંગેના વાયરલ નિવેદનોને ખોટી રીતે તેમના નામ પર લગાવવામાં આવી રહ્યા હતા તેનું ખંડન કર્યું.

# બોક્સ ઓફિસ પર ‘સ્પાઈડર મેનઃ બ્રાન્ડ ન્યૂ ડે’ની ધૂમ; 'એવેન્જર્સઃ એન્ડગેમ'ના રેકોર્ડની બરાબરી

મુંબઈ

ભારતીય સિનેમાઘરોમાં માત્ર સાઉથ કે બોલીવુડ જ નહીં પરંતુ ઘણી વાર હોલીવુડની ફિલ્મો પણ રાજ કરતી હોય છે. અત્યારે ટોમ હોલેન્ડની ફિલ્મ ‘સ્પાઈડર મેનઃ બ્રાન્ડ ન્યૂ ડે’બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. વિદેશી બોક્સ ઓફિસ સાથે આ ફિલ્મ ભારતમાં પણ ધૂમ મચાવી રહી છે. માર્વેલની આ સુપરહીરો ફિલ્મ ‘સ્પાઈડર મેનઃ બ્રાન્ડ ન્યૂ ડે’ 30 જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થઈ ત્યારથી અધધ રૂપિયા છાપી રહી છે. ‘સ્પાઈડર મેનઃ બ્રાન્ડ ન્યૂ ડે’ ફિલ્મે ભારતમાં માત્ર 2 જ દિવસમાં 100 કરોડનો વેપાર કરી લીધો છે. ‘સ્પાઈડર મેનઃ બ્રાન્ડ ન્યૂ ડે’એ પહેલા દિવસે 60 કરોડ છાપ્યાં ‘સ્પાઈડર મેનઃ બ્રાન્ડ ન્યૂ ડે’ ફિલ્મ અત્યારે ‘એવેન્જરઃ એન્ડ ગેમ’ની બરાબરીની શ્રેણીમાં આવી ગઈ છે. કમાણીની વાત



કરવામાં આવે તો, ‘સ્પાઈડર મેનઃ બ્રાન્ડ ન્યૂ ડે’ પહેલા દિવસે ભારતમાં 60 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. જ્યારે બીજા દિવસે 49.35 કરોડના વેપાર સાથે 100 કરોડના ક્લબમાં સામેલ થઈ ગઈ છે. આ ફિલ્મ 2019માં આવેલી માર્વેલની ‘એવેન્જરઃ એન્ડ ગેમ’ની બરાબરી કરી લીધી છે. ‘એવેન્જરઃ એન્ડ ગેમ’ ફિલ્મે પણ 2 દિવસમાં જ 100 કરોડની કમાણી કરી લીધી હતી. હવે ‘સ્પાઈડર મેનઃ બ્રાન્ડ ન્યૂ ડે’ ફિલ્મે પણ માત્ર બે દિવસમાં 109.95 કરોડ રૂપિયા છાપી લીધા છે. બીજા દિવસની કમાણીમાં 18.6 ટકાનો ઘટાડો બે દિવસમાં 100 કરોડની કમાણી કરી છે, પરંતુ પહેલા દિવસ કરતા બીજા દિવસની કમાણીના આંકડામાં ઘટાડો જોવા મળ્યો છે. બીજા દિવસની કમાણીમાં 18.6 ટકાનો ઘટાડો નોંધાયો હતો. ‘સ્પાઈડર મેનઃ બ્રાન્ડ ન્યૂ ડે’માં ટોમ હોલેન્ડ સાથે એમજેની રોલમાં ઝેન્ડાયા, ફ્રેન્ક કેસલ/ધ પનિશર તરીકે જોન બર્ન્થલ, નેડ લીડ્સ તરીકે જેકબ બેટાલોન અને હલ્કના પાત્રમાં માર્ક રફાલો જોવા મળ્યાં છે. આ સાથે ડેસ્ટિન ડેનિયલ ક્રેટનના નિર્દેશનમાં બનેલી ફિલ્મમાં સેડી સિંક અને લિઝા કોલોન-ઝાયાસ જેવા કલાકારો પણ છે.

### પ્રીતિ-જેસ્મિને બોક્સિંગ અને સોમને પેરા શોટપુટમાં જીત્યો, અત્યાર સુધી 30 મેડલ્સ

# કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે આઠમો ગોલ્ડ જીત્યો

ગ્લાસગો

કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે આઠમો ગોલ્ડ મેડલ જીતી લીધો છે. જેસ્મિન લાંબોરિયાએ વુમન્સ બોક્સિંગની 57 KG, પ્રીતિ પવારે 54 KG કેટેગરી અને સોમન રાણાએ પેરા શોટપુટમાં ગોલ્ડ જીત્યો. જ્યારે, મેન્સ 55 KG કેટેગરીમાં જદુમણિ સિંહને ઓસ્ટ્રેલિયાના જાઈ ડિકસન સામે હારીને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો.

જેસ્મિને ફાઈનલમાં નોર્ધન આયર્લેન્ડની મિકાએલા વોલ્સ અને પ્રીતિએ કેનેડાની સવાના ડોલમાગોને હરાવી. આ સાથે જ ભારતના 8 ગોલ્ડ સહિત કુલ 30 મેડલ થઈ ગયા છે. ભારત મેડલ ટેલીમાં છઠ્ઠા સ્થાને પહોંચી ગયું છે.





તેમજ, ભારતના વધુ 7 બોક્સર્સ ગોલ્ડ મેડલ માટે ફાઈનલમાં મેદાનમાં ઉતરશે. રાત્રે 9 વાગ્યે સાક્ષી ચૌધરી (51 KG), 9:15 વાગ્યે પ્રિયા ઘંઘાસ (60 KG), 9:30 વાગ્યે અરુંધતિ ચૌધરી (70 KG), 10:15 વાગ્યે લવલીના બોરગોહેન (75 KG), 10:45 વાગ્યે સચિન સિવાચ (60 KG), 11:15 વાગ્યે અંકુશ પંઘાલ (80 KG) અને 11:45 વાગ્યે નરેન્દ્ર બરવાલ (90+ KG) પોતપોતાના ફાઈનલ મુકાબલા રમશે. પેરા શોટ પુટ ઈવેન્ટની F-57 કેટેગરીમાં ભારતના સોમન રાણાએ સીઝન બેસ્ટ થ્રો સાથે ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. અન્ય એક ભારતીય શુભમ જુયાલે સિલ્વર મેળવ્યો.

સોમન રાણાએ 13.40 મીટર ગોળો ફેંક્યો. શુભમ જુયાલે 13.28 મીટર થ્રો કર્યો. F-57 કેટેગરીમાં એવા ખેલાડીઓ આવે છે, જેમના કમરથી નીચેના અંગો (પગ) નબળા હોય છે. પરંતુ તેમના ઉપરના શરીરની (માથું અને હાથ) તાકાત સંપૂર્ણપણે સામાન્ય હોય છે.

ટ્રિપલ જમ્પમાં ભારતના વધુ બે મેડલ

ભારતે મેન્સ ટ્રિપલ જમ્પમાં વધુ બે મેડલ જીતી લીધા છે. પ્રવીણ ચિત્રવેલે 16.58 મીટરના જમ્પ એટેમ્પટ સાથે સિલ્વર પોતાના નામે કર્યો. જ્યારે, ભારતના જ સેલ્વા પ્રભુએ 16.52ના બેસ્ટ એટેમ્પટ સાથે બ્રોન્ઝ જીત્યો.

આ ઈવેન્ટનો ગોલ્ડ ઝામ્બિયાના જોર્ડન સ્કોટે જીત્યો. તેનો બેસ્ટ એટેમ્પટ 16.72 મીટરનો રહ્યો.

## નીરજે જેવલિનમાં સિલ્વર જીત્યો

ગ્લાસગો

ભારતના જેવલિન થ્રોઅર નીરજ ચોપરાએ કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો. તેણે 85.83 મીટરનો થ્રો કર્યો. અન્ય એક ભારતીય યશવીર સિંહે છેલ્લા પ્રયાસમાં 85.41 મીટરનો પર્સનલ બેસ્ટ થ્રો કરીને બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો. શ્રીલંકાના રુમેશ પથિરાગેએ (89.75 મીટર) ગોલ્ડ જીત્યો.ગ્લાસગોમાં ચાલી રહેલી ગેમ્સના આઠમા દિવસે ભારતે 6 મેડલ જીત્યા. જેમાં 2 ગોલ્ડ, 2 સિલ્વર અને 2 બ્રોન્ઝ સામેલ છે. સૌથી પહેલા અસ્મિતા ડેએ ગેમ્સના ઈતિહાસમાં જુડોનો પહેલો ગોલ્ડ અપાવ્યો. આના 15 મિનિટ પછી હર્ષ સિંહે બીજો ગોલ્ડ જીત્યો. જોકે, યામિની મૌર્યાને સિલ્વર મળ્યો. તેજસ્વિન શંકરે ડેકાથલોન ઈવેન્ટમાં બ્રોન્ઝ જીત્યો. તે કોમનવેલ્થ ગેમ્સની આ ઈવેન્ટમાં મેડલ જીતનારા પહેલા ભારતીય એથ્લીટ બન્યો. નીરજ ચોપરાએ 85.83 મીટરનો બેસ્ટ થ્રો કરીને સિલ્વર મેડલ જીત્યો. જ્યારે શ્રીલંકાના રુમેશ પથિરાગેએ 89.75 મીટર સાથે ગોલ્ડ પોતાના નામે કર્યો. મુકાબલાનો સૌથી મોટો સરપ્રાઈઝ યશવીર સિંહ રહ્યો, જેણે સાવ છેલ્લા પ્રયાસમાં 85.41 મીટરનો પર્સનલ બેસ્ટ થ્રો કરીને બ્રોન્ઝ મેડલ જીતી લીધો. પાકિસ્તાનનો ઓલિમ્પિક ચેમ્પિયન અરશદ નદીમ ટૉપ-8માં પણ જગ્યા બનાવી શક્યો નહીં અને ત્રણ રાઉન્ડ પછી બહાર થઈ ગયો. તેજસ્વિન શંકર 7976 પોઈન્ટ્સ સાથે ડેકેથલોનમાં બ્રોન્ઝ મેડલ જીતનાર પહેલો ભારતીય એથ્લીટ બન્યો.

### જેમિમાહની ટીમે 24 રનથી જીત મેળવી

## પાકિસ્તાની કેપ્ટનને ગળે મળી ભારતની સ્ટાર ખેલાડી જેમિમાહ, મેચ પછી હેન્ડશેક પણ કર્યું

લંડન

ઈંગ્લેન્ડમાં રમાઈ રહેલી પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટ 'ધ હન્ડ્રેડ'માં ગુરુવારે ભારત અને પાકિસ્તાનની મહિલા ક્રિકેટર્સ વચ્ચે ખેલદિલીની એક અદભુત અને ચર્ચાસ્પદ ક્ષણ કેમેરામાં કેદ થઈ છે. ટૂર્નામેન્ટમાં Southern Brave અને Birmingham Phoenix વચ્ચે રમાયેલા રોમાંચક મુકાબલા બાદ, ભારતની સ્ટાર બેટર જેમિમાહ રોડ્રિગ્સ અને પાકિસ્તાનની ઓલરાઉન્ડર ફાતિમા સના એકબીજાને ગળે મળતા જોવા મળ્યાં હતાં. મેદાન પર બંને ખેલાડીઓ વચ્ચે જોવા મળેલી આ ઉષ્માભરી ક્ષણનો વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે.



વર્ષ 2025માં થયેલા પહલગામ આતંકી હુમલા બાદથી ભારતીય ક્રિકેટરોએ પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ ન મિલાવવાનું વલણ અપનાવ્યું છે. જોકે, આ મેચની સમાપ્તિ બાદ બંને ફ્રેન્ચાઈઝીના ખેલાડીઓએ પરસ્પર હાથ મિલાવ્યા હતા અને તેની સાથે જ જેમિમાહ અને ફાતિમાએ એકબીજાને ગળે લગાડીને સૌહાર્દપૂર્ણ વાતાવરણ સર્જ્યું હતું. જેમિમાહની તોફાની બેટિંગ અને Southern Braveની 24 રનથી જીત. આ મુકાબલામાં Southern Brave તરફથી રમતી જેમિમાહ રોડ્રિગ્સે અંતિમ ઓવરોમાં આક્રમક બેટિંગ કરી હતી. તેણે માત્ર 18 બોલમાં 4 ચોગ્ગાની મદદથી 28 રનની અણનમ ઈનિંગ્સ રમીને ટીમને મજબૂત સ્કોર સુધી પહોંચાડી હતી.

## વનડે વર્લ્ડકપ પહેલા ટીમ ઈન્ડિયામાં ભુવનેશ્વરનું કમબેક?

### 'હું પોતે ભુવી સાથે વાત કરીશ' – અશ્વિનનો મોટો પ્લાન

મુંબઈ

આગામી વનડે વર્લ્ડ કપ 2027ને ધ્યાનમાં રાખીને ભારતીય ક્રિકેટ ટીમમાં અનુભવી ખેલાડીઓની વાપસી અંગે ચર્ચાઓ જોર પકડી રહી છે. આ દરમિયાન ભારતના દિગ્ગજ ઓફ-સ્પિનર રવિચંદ્રન અશ્વિને મુખ્ય પસંદગીકાર અજીત અગરકર અને મુખ્ય કોચ ગૌતમ ગંભીરને એક મહત્ત્વની સલાહ આપી છે. અશ્વિને ટીમના સિનિયર સ્વિંગ બોલર ભુવનેશ્વર કુમાર સાથે તાત્કાલિક સંપર્ક સાધવા અને તેને ફરીથી વનડે ટીમમાં સામેલ કરવા માટે સત્તાવાર વિનંતી કરી છે. અશ્વિનનું સ્પષ્ટપણે માનવું છે કે આગામી વર્લ્ડ કપ દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયાની ધરતી પર રમાવાનો



હોવાથી ત્યાંની પરિસ્થિતિઓમાં ભારતને ભુવનેશ્વર જેવા સ્માર્ટ બોલરની સખત જરૂર પડશે.

'હું પોતે ભુવી સાથે વાત કરીશ' - અશ્વિનનો મોટો પ્લાન એક વાતચિત દરમિયાન અશ્વિને ભુવનેશ્વર કુમારના નામને મજબૂતીથી આગળ રાખતા કહ્યું હતું કે, 'ભુવનેશ્વર કુમાર માટે મારી તરફથી સંપૂર્ણ હા છે. જો મને તક મળે તો હું પોતે તેની સાથે વાતચીત કરીશ. હું તેને કહીશ કે તે અત્યારથી જ ડોમેસ્ટિક ક્રિકેટની તમામ ટુર્નામેન્ટો - ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ અને વિજય હજારે ટ્રોફી સહિત બધું જ રમે જેથી તે પોતાની સર્વશ્રેષ્ઠ લય મેળવી શકે. હું તેને દક્ષિણ આફ્રિકા જવા માટે સંપૂર્ણ રીતે તૈયાર કરવા ઈચ્છું છું, કારણ કે મને લાગે છે કે ત્યાં આપણને તેની ખાસ જરૂર પડવાની છે.' વર્ષ 2022થી ટીમ ઈન્ડિયાની બહાર ચાલી રહેલા 36 વર્ષીય 'સ્વિંગ કિંગ' ભુવનેશ્વર કુમારે તાજેતરમાં જ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ને IPL 2026નું ટાઈટલ જીતાડવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. તેણે આ આખી સિઝનમાં શાનદાર યોર્કર અને સ્વિંગ બોલિંગના જોરે 16 મેચોમાં 28 વિકેટ ઝડપીને પર્પલ કેપની રેસમાં ધમાકો કર્યો હતો. આ ઉપરાંત, દક્ષિણ આફ્રિકામાં ભુવીનો ટ્રેક રેકોર્ડ ઘણો ઉત્કૃષ્ટ રહ્યો છે, જ્યાં તેણે તમામ ફોર્મેટની 13 મેચોમાં 19 વિકેટ ઝડપી છે. અશ્વિનના મતે પાવરપ્લે અને ડેથ ઓવર્સમાં ભુવીનો આ મોટો અનુભવ જસપ્રિત બુમરાહ અને મોહમ્મદ સિરાજ જેવા બોલરો સાથે મળીને ભારતીય પેસ એટેકને અજેય બનાવી શકે છે. અશ્વિનની વર્લ્ડ કપ 25 સ્ક્વોડ અને અન્ય ખેલાડીઓ પર પસંદગી આ વાતચિત દરમિયાન આર. અશ્વિને વર્લ્ડ કપ 2027 માટેના પોતાના સંભવિત 15 ખેલાડીઓની પણ જાહેરાત કરી હતી. જેમાં તેણે રોહિત શર્મા, વિરાટ કોહલી, કે.એલ. રાહુલ, શ્રેયસ અય્યર, કેપ્ટન શુભમન ગીલ, હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ અને હર્ષિત રાણા જેવા ખેલાડીઓને પોતાની ટીમમાં સ્થાન આપ્યું છે.



### રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું

# વિદેશી હૂંડિયામણની આવકમાં 6.12 અબજ ડૉલરનો વધારો

મુંબઈ

ગત 24મી જુલાઈના રોજ પૂરા થયેલા સપ્તાહમાં દેશની વિદેશી હૂંડિયામણની અનામત 6.118 અબજ ડૉલર વધીને 682.354 અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત 1.08 અબજ ડૉલર વધીને 676.237 અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત 27મી ફેબ્રુઆરીના રોજ દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત વધીને 728.494 અબજ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચી હતી. જોકે, ત્યાર બાદ અમેરિકા અને ઈઝરાયલે તેમ જ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયાનું થતું ધોવાણ




સંયુક્તપણે ઈરાન પર અને ઈરાને ઈઝરાયલ તથા અમેરિકાના સહયોગી અખાતી દેશો પર હુમલાઓ કરતાં વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ વધી આવ્યા હતા. ખાળવા માટે સમયાંતરે હાજર બજારમાં રિઝર્વ બૅન્કની ડૉલરમાં વેચવાલી રહેતાં વિદેશી હૂંડિયામણની અનામતમાં ક્રમશ ઘટાડો થતો રહ્યો હતો. દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતોમાં સૌથી વધુ હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો 4.873 અબજ ડૉલર વધીને 555.929 અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત 1.308 અબજ ડૉલર વધીને 103.058 અબજ ડૉલરના સ્તરે રહી હતી.

### અગાઉ કંપનીએ ગત ફેબ્રુઆરી 2025માં વચગાળાનો આદેશ કર્યો હતો

# SME કલાહરિધાન ટ્રેન્ડ્ઝ અને પ્રમોટરોને 1 કરોડ પેનલ્ટી

મુંબઈ

સેબીએ એસએમઈ કંપની કલાહરિધાન ટ્રેન્ડ્ઝ અને તેના પ્રમોટરોને ₹1 કરોડની પેનલ્ટી ફટકારી છે. સેબીને માલૂમ થયું છે કે તેમણે ખોટી જાહેરાત કરીને લોનમાં ડિફોલ્ટ થવાની વાત છુપાવી છે અને આ રીતે રોકાણકારોને ગેરમાર્ગે દોર્યા છે. કલાહરિધાન ટ્રેન્ડ્ઝ વિવિધ પ્રકારના ફેબ્રિક્સનાં ઉત્પાદન અને ટ્રેડિંગના બિઝનેસમાં છે અને એનએસઈના એસએમઈ પ્લેટફોર્મ ઈમર્જ પર તેણે શેરનું લિસ્ટિંગ કરાવ્યું છે. સેબીએ કંપની અને તેના પ્રમોટર તથા મેનેજિંગ ડિરેક્ટ નિરંજન ડી. અગ્રવાલને બે વર્ષ માટે સિક્યુરિટીઝ માર્કેટથી દૂર રહેવાનો આદેશ કર્યો છે. આ ઉપરાંત ડિરેક્ટર્સ આદિત્ય




નિરંજન અગ્રવાલ અને સુનિતાદેવી નિરંજન અગ્રવાલને એક વર્ષ માટે માર્કેટથી દૂર રહેવા આદેશ કર્યો છે. 57 પેજના અંતિમ આદેશમાં સેબીએ કહ્યું હતું કે કલાહરિધાન એચડીએફસી બેન્કની ક્રેડિટ કાર્ડની બાકી રકમની પરત ચૂકવણી કરવામાં નિષ્ફળ ગઈ હોવાની વાત તેણે નિયમ મુજબ ડિસ્કલોઝર જાહેર કરવાના નિશ્ચિત સમયમાં જાહેર કરી ન હતી. કંપનીએ કબૂલ્યું હતું કે ડિસ્ક્લોઝર દ્વારા આ વિગતની જાણ કરવી જોઈતી હતી, પરંતુ તે વિગતનો ઉલ્લેખ કરવાનું રહી ગયું. જોકે સેબીએ આ સ્પષ્ટતા ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે આ વિગત આપવી અનિવાર્ય હતી કારણ કે તે લિસ્ટેડ કંપની છે, જેનું ડિસ્ક્લોઝરના આધારે રોકાણકારો મૂલ્યાંકન કરતા હોય છે. સેબીએ માલૂમ કર્યું હતું કે કંપનીએ 12 ઓગસ્ટ, 2024ના રોજ જાહેરાત કરી હતી કે તેને બાંગ્લાદેશ સ્થિત બેક્સિમકોર્પ ટેક્સટાઈલ્સ તરફથી ₹115.5 કરોડનો નિકાસ ઓર્ડર મળ્યો છે. આ જાહેરાત તેણે કોઈપણ પ્રક્રિયા વગર જ કરી નાખી હતી.

### ક્રૂડ ઓઈલની કિંમતો 135 ડોલર પ્રતિ બેરલના સ્તરે પહોંચી

# ઈથેનોલથી પેટ્રોલ પર ₹30 પ્રતિ લિટરની બચત થઈ

### સરકારનો દાવો- જો બ્લેન્ડિંગ ન થયું હોત તો દિલ્હીમાં ₹125 પ્રતિ લિટર મળતું, અત્યારે ₹102માં મળી રહ્યું છે

મુંબઈ

જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો 135 ડોલર પ્રતિ બેરલના સ્તરે પહોંચી ગઈ હતી, ત્યારે જો તેલ કંપનીઓએ પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ ન કર્યું હોત, તો દિલ્હીમાં પેટ્રોલનો ભાવ લગભગ 125 રૂપિયા પ્રતિ લિટર સુધી પહોંચી ગયો હોત. શુક્રવારે પેટ્રોલિયમ મંત્રાલયે ઈથેનોલ કાર્યક્રમની કિંમત, ખાદ્ય સુરક્ષા પર અસર અને કરદાતાઓની સબસિડી સંબંધિત દાવાઓનો જવાબ આપતા આ વાત કહી. મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે સંકટના સમયે આ કાર્યક્રમને કારણે પેટ્રોલ પર પ્રતિ લિટર લગભગ 30 રૂપિયાની બચત થઈ. દિલ્હીમાં હાલ E20 પેટ્રોલ 102 રૂપિયા પ્રતિ લિટર છે. પેટ્રોલિયમ મંત્રાલય અનુસાર, વૈશ્વિક બજારમાં ક્રૂડની કિંમતો વધવા છતાં દેશમાં ગ્રાહકોને પેટ્રોલ 94.77 રૂપિયા પ્રતિ લિટરના ભાવે મળ્યું. આનું કારણ એ હતું કે પૂર્વ-નિર્ધારિત કિંમતો પર ઘરેલું સ્તરે




ખરીદવામાં આવેલા ઈથેનોલનો દરેક લિટર પેટ્રોલમાં 20% હિસ્સો હતો. આ જ કારણોસર છૂટક કિંમતો ક્રૂડના ઝડપી ઉછાળાથી બચી રહી. 28 ફેબ્રુઆરીએ પશ્ચિમ એશિયામાં તણાવ અને સંઘર્ષ શરૂ થયા પછી, સરકારે લગભગ 75 દિવસ સુધી પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર રાખ્યા હતા. ત્યારબાદ મે મહિનામાં ભાવમાં પ્રતિ લિટર 7.5 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. દિલ્હીમાં હાલમાં સ્ટાન્ડર્ડ E20 પેટ્રોલ (91-ઓક્ટેન)ની કિંમત પ્રતિ લિટર 102.12 રૂપિયા છે, જ્યારે 100-ઓક્ટેન પેટ્રોલ પ્રતિ લિટર 169 રૂપિયાના ભાવે મળી રહ્યું છે. પેટ્રોલિયમ મંત્રાલયે તે આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢ્યા, જેમાં કહેવામાં આવી રહ્યું હતું કે ગરીબોના હકના અનાજને ઈથેનોલ ઉત્પાદન માટે ડાયવર્ટ કરવામાં આવી રહ્યું છે.

સરકારે સ્પષ્ટ કર્યું કે આ કાર્યક્રમ ચલાવવા અથવા ટેકો આપવા માટે ભારતીય ખાદ્ય નિગમ (FCI) ના સબસિડીવાળા ચોખાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો નથી. માર્ગ પરિવહન મંત્રાલયે ઓટોમોટિવ રિસર્ચ એસોસિએશન ઓફ ઈન્ડિયા (ARAI), સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ (SIAM) અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) ના એક અભ્યાસનો હવાલો આપ્યો.

## તહેવારો પહેલાં ટૂથપેસ્ટથી લઈને પેઈન્ટ સુધી મોંઘા થશે

- **HUL અને એશિયન પેઈન્ટ્સ સહિત 8 કંપનીઓ જરૂરિયાતની વસ્તુઓની કિંમતો વધારશે**

મુંબઈ

દેશની સૌથી મોટી FMCG અને કન્ઝ્યુમર કંપનીઓ ફેસ્ટિવ સિઝન પહેલા અને સતત બીજા ક્વાર્ટરમાં પોતાના પ્રોડક્ટ્સના ભાવ વધારવાની તૈયારીમાં છે. ટૂથપેસ્ટથી લઈને ટાયર અને પેઈન્ટ જેવી વસ્તુઓ મોંઘી થવાની છે. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે



કોમોડિટીની કિંમત વધી રહી છે, જેનાથી દેશમાં મોંઘવારી લાંબા સમય સુધી ઊંચા સ્તરે રહેવાની આશંકા છે. હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ (HUL) આગામી ક્વાર્ટરમાં ડિટર્જન્ટ અને ડિશવોશિંગ બાર જેવી કેટેગરીમાં કિંમતો વધારશે. HUL ઉપરાંત ડોડલા ડેરી અને એશિયન પેઈન્ટ્સ સહિત ઓછામાં ઓછી 7 અન્ય કંપનીઓએ પણ ભાવ વધારવાની યોજના બનાવી છે. ભારતની સૌથી મોટી કન્ઝ્યુમર ગુડ્સ કંપની હિન્દુસ્તાન યુનિલિવરના ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર નિરંજન ગુપ્તાએ એનાલિસ્ટ્સને જણાવ્યું કે બાહ્ય ઉતાર-ચઢાવને કારણે ક્રૂડ ઓઈલ સંબંધિત ડેરિવેટિવ્સમાં મોંઘવારી જોવા મળી રહી છે. આ જ કારણોસર કંપની હોમ કેર સેગમેન્ટમાં સમજી-વિચારીને કિંમતો વધારી રહી છે.

## રિક્ષા અને ટેક્સી ચાલકોમાં મોટો રોષ : "આ લોકો જીવવા નહીં દે!"

# અમદાવાદમાં CNGનો ભાવ 94ને પાર




અમદાવાદ

મોંઘવારીના મારથી પીડાતી જનતા પર વધુ એક આર્થિક એટમ બોમ્બ ઝીંકાયો છે. અમદાવાદ શહેરમાં સીએનજી (CNG) ના ભાવ વધીને પ્રતિ કિલો રૂ. ૯૪ સુધી પહોંચી જતાં મધ્યમ વર્ગ અને રોજીંદુ કમાઈને ખાતા શ્રમજીવીઓમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. ઇંધણના સતત વધતા ભાવને કારણે સામાન્ય જનતા અને ખાસ કરીને રિક્ષા તથા ટેક્સી ચાલકોની કમર ભાંગી ગઈ છે. આકાશે આંબતા ભાવ જોઈને લોકો હવે ખુલ્લેઆમ કહી રહ્યા છે કે–'શું આ લોકો હવે આપણને જીવવા જ નહીં દે?'

શહેરમાં સૌથી વધુ સીએનજીનો વપરાશ રિક્ષા અને કેબ/ટેક્સી ડ્રાઈવરો કરે છે. પરંતુ મોંઘવારીના પ્રમાણમાં તેમને યોગ્ય ભાડું કે પેસેન્જર મળતા નથી:

કમાણી ઓછી, ખર્ચ વધુ: આખો દિવસ ધોમધખતા તાપ અને ટ્રાફિકમાં રિક્ષા દોડાવ્યા પછી પણ જે કમાણી થાય છે, તેનો મોટો હિસ્સો સીએનજી પુરાવવામાં જ જતો રહે છે. ગેસના ભાવ વધી ગયા છે પણ રિક્ષા ભાડું વધારવામાં આવે તો પેસેન્જરો મળતા નથી. આવી સ્થિતિમાં પરિવારનું ઘરચલાવવું અને બાળકોની ફી ભરવી રિક્ષાચાલકો માટે લોઢાના ચણા ચાવવા સમાન બની ગયું છે. સરકાર એક તરફ પ્રદૂષણ ઘટાડવા માટે ઈલેક્ટ્રિક અને સીએનજી વાહનો વાપરવાની મોટી મોટી જાહેરાતો અને સલાહો આપે છે, તો બીજી તરફ સીએનજીના ભાવ પેટ્રોલની સરખામણીએ પહોંચાડીને જનતાના ખિસ્સા ખાલી કરી રહી છે. મોંઘવારીના આ ચક્રવ્યૂહમાં પીસાતો સામાન્ય નાગરિક હવે મજબૂર બની ગયો છે.

**'દૂધની થેલી સાંજે ઘરે લઈ જવા વિચાર કરવો પડે'**

**રિક્ષા ચાલકે જણાવ્યું હતું કે, દરેક વસ્તુમાં અત્યારે મોંઘવારીનો માર સહન કરવો પડી રહ્યો છે. સ્કૂલ ફી, સહિતની વસ્તુઓમાં મોંઘવારીનો માર સહન કરવો પડતો હતો, પરંતુ હવે CNGના ભાવમાં પણ વધારો કરવામાં આવતા તેની ખૂબ જ અસર થઈ રહી છે. દૂધની એક થેલી પણ ઘરે કઈ રીતે સાંજે લઈ જવી તેનો પણ વિચાર કરવો પડે છે. સાંજે ઘરે શાકભાજી લઈ જવી પણ મુશ્કેલ બની છે.**

### ■ રિક્ષા અને ટેક્સી ચાલકો માટે ચિંતા

સતત વધી રહેલા ભાવને કારણે CNG વાહન ચાલકોનું બજેટ ખોરવાઈ શકે છે. તેમજ રિક્ષા ચાલકો અને ટેક્સી ચાલકો માટે આ વધારો ચિંતાનો વિષય બની ગયો છે. CNGના સતત વધી રહેલા ભાવની સૌથી મોટી અસર રિક્ષા ચાલકો પર જોવા મળશે. અગાઉ ઓછા ખર્ચને કારણે હજારો લોકોએ પેટ્રોલ અને ડીઝલ વાહનો છોડીને CNG વાહનો ખરીદ્યા હતા, પરંતુ હવે વારંવાર થતા ભાવ વધારાને કારણે તેમની બચતનું ગણિત પણ બગડી રહ્યું છે.

### ■ પરિપત્ર ન થતા રિક્ષાના ભાડામાં વધારો નહીં

અગાઉ પણ જ્યારે અદાણી કંપની દ્વારા CNG ના ભાવમાં વધારો કરવામાં આવ્યો ત્યારે રિક્ષા ચાલક એક્તા યુનિયન દ્વારા ભાડામાં પણ વધારો કરવાની માંગ કરવામાં આવી હતી. જો કે વાહન વ્યવહાર કમિશનર સાથેની ચર્ચા બાદ ભાડામાં વધારો આપવાની સહમતિ સધાઈ હતી. પરંતુ હજી સુધી સરકાર દ્વારા પરિપત્ર કરવામાં ન આવતા રિક્ષા ચાલકો ભાડામાં વધારો કરી શક્યા નથી. જેથી વધતા જતા CNG ના ભાવ સામે હવે રિક્ષા ચાલકો સખત વિરોધ નોંધાવી રહ્યા છે.

### ■ 'મહિનામાં જ બેથી ત્રણ વખત ભાવવધારાનો વિરોધ'

અમદાવાદ રીક્ષા ચાલક એક્તા યુનિયનના પ્રમુખ વિજય મકવાણાએ જણાવ્યું હતું કે, અદાણી કંપની દ્વારા આજે CNGના ભાવમાં 4 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. તેનો અમે સખત શબ્દોમાં વિરોધ કરીએ છીએ. જ્યારે CNGના ભાવ 10 પૈસા પણ વધતા હોય તો તેની સીધી અસર રિક્ષાચાલકો પર પડતી હોય છે. સરકાર દ્વારા ભાડામાં વધારો કરવામાં આવ્યો હતો તેનું નોટિફિકેશન પણ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી, જેથી અમે વધારા સાથેનું ભાડું પણ લઈ શકતા નથી.

## નાણાં ડીપોઝીટનો બનાવટી મેસેજ કરીને સિનિયર સિટીઝન સાથે ઠગાઇ આચરાઇ

અમદાવાદ

અમદાવાદના એલિસબ્રિજમાં સિનિયર સિટીઝન હેમંતભાઈ પંચાલ સાથે 99,000 રૂપિયાની છેતરપિંડી થઈ છે. અજાણ્યા ઠગે બેંકમાંથી પૈસા જમા થયાનો ખોટો મેસેજ મોકલી વિશ્વાસ કેળવ્યો હતો. પુત્રના ઓપરેશનનું બહાનું આપી 45,500 અને 53,500 રૂપિયા Google Pay દ્વારા પડાવી લીધા હતા. બેંકમાં તપાસ કરતા નાણાં જમા જ ન થયા હોવાનું સામે આવ્યું, જે બાદ એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

શહેરના એલિસબ્રિજ વિસ્તારમાં રહેતા એક સિનિયર સિટીઝનના બેંક એકાઉન્ટમાં નાણાં ડીપોઝીટ થયાનો બેંક જેવો મેસેજ મોકલીને આબાદ છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ એલિસબ્રિજ પોલીસ મથકે નોંધવામાં આવી છે.

શહેરના એલિસબ્રિજ પરીમલ ગાર્ડન પાસે આવેલા શેઠ સેરેનીટા એપાર્ટમેન્ટમાં રહેતા હેંમતભાઈ પંચાલ નવરંગપુરા ખાતે ઓફિસ ધરાવીને કન્સલટન્ટ તરીકે કામ કરે છે. ગત 23મી જુલાઈએ બપોરના સમયે તેમને અજાણ્યા નંબરથી કોલ આવ્યો હતો. કોલ કરનારે જણાવ્યું હતું કે મે એક કલરનું કામ રાખ્યું હતું. જેના નાણાં મારા મિત્રએ મને મોકલવાના બદલે ભૂલથી તમને મોકલી આપ્યા છે. જેથી હેંમતભાઈએ તપાસ કરતા તેમના 45500 બેંક એકાઉન્ટમાં ક્રેડીટ થયાનો મેસેજ જોયો હતો.

જેથી વિશ્વાસ કરીને તેમણે તે નાણાં ગુગલ પેથી ચુકવી આપ્યા હતા. ત્યારબાદ તે વ્યક્તિએ ફરીથી ફોન કરીને કહ્યું હતું કે તેના મિત્રએ ફરી એકવાર ભૂલથી નાણાં ટ્રાન્સફર કર્યા છે. આ સમયે 53500ની રકમ હતી. જેનો મેસેજ હેંમતભાઈને મળ્યો હતો.

**નિવૃત્ત અધિકારીઓની પુનઃનિમણૂક કે કૌભાંડ**

## AMC સહિત સરકારી ખાતાઓમાં નિવૃત્તોની બોલબાલાથી યુવા બેરોજગારો-કર્મચારીઓમાં રોષ

જનતા હવે સીધો સવાલ પૂછી રહી છે કે, નવી પેઢીને રોજગારી આપવાને બદલે નિવૃત્ત અધિકારીઓ પર આટલો પ્રેમ શા માટે વરસાવવામાં આવી રહ્યો છે?

અમદાવાદ

સરકારી અને અર્ધ-સરકારી ખાતાઓમાં વયમર્યાદાના કારણે નિવૃત્ત થયેલા કર્મચારીઓ અને અધિકારીઓને ગેરકાયદેસર તેમજ કોન્ટ્રાક્ટ પદ્ધતિથી ફરી નોકરી પર રાખવાના નિર્ણય સામે હવે વિરોધનો સૂર ઊઠ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) સહિત વિવિધ સરકારી વિભાગોમાં નિવૃત્તિ બાદ પણ મહત્વના હોદ્દાઓ પર પુનઃનિમણૂક આપીને કરોડો રૂપિયાનો ધુમાડો કરવામાં આવી રહ્યો હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. સ્થાનિકો અને યુવાનોમાં ચર્ચા છે કે શું આ નીતિ સરકારી વહીવટમાં પારદર્શિતાના ધજાગરા ઉડાવી રહી છે? નિવૃત્ત અધિકારીઓને પુનઃ કરાર આધારિત નોકરીઓ આપવાના કારણે સૌથી મોટો અન્યાય રાજ્યના શિક્ષિત અને બેરોજગાર યુવાનો સાથે થઈ રહ્યો છે: પ્રમોશનથી વંચિત કર્મચારીઓ: ચાલુ નોકરીએ ફરજ બજાવતા નિષ્ઠાવાન કર્મચારીઓના પ્રમોશન અટકી રહ્યા છે, કારણ કે નિવૃત્ત અધિકારીઓ જ મુખ્ય જગ્યાઓ પર કબજો જમાવીને બેઠા છે. યુવાનોની નોકરીની ચોરી: નવી ભરતીઓ બહાર પાડવાને બદલે અથવા વેટિંગ



લિસ્ટમાંથી ઉમેદવારોને તક આપવાને બદલે નિવૃત્તોને જ કરોડોના કોન્ટ્રાક્ટ સોંપાતા યુવાનોના ભવિષ્ય સામે પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું થયું છે. તથ્યો મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સેંકડો નિવૃત્ત કર્મચારીઓ અને અધિકારીઓને ફરીથી ૧૧ માસના કરાર પર તૈનાત કરવામાં આવ્યા છે. ટાઉન પ્લાનિંગ, એસ્ટેટ, ઈજનેરી અને વહીવટી વિભાગોમાં નિવૃત્તોની પુનઃનિમણૂક પાછળ મસમોટા ભ્રષ્ટાચાર અને આંતરિક સેટિંગ હોવાના આક્ષેપો વિપક્ષ અને નાગરિકો દ્વારા કરવામાં આવી રહ્યા છે.

## થલતેજમાં વર્કર મહિલા એકાઉન્ટ ઓફિસરે 84 લાખની ઉચાપત કરી

### કંપનીના ખાતામાંથી 35 ઓળખીતાના ખાતામાં લાખો ટ્રાન્સફર કરીને દીકરાના એકાઉન્ટમાં મેળવી લીધા

અમદાવાદ

અમદાવાદના થલતેજમાં આવેલી ખાનગી કંપનીમાં કામ કરતા એકાઉન્ટ ઓફિસર મહિલાએ કંપનીના ખાતામાંથી અલગ અલગ રકમ તેમના 35 જેટલા અલગ અલગ ઓળખીતાના ખાતામાં ટ્રાન્સફર કરી હતી. મહિલાએ કુલ 84 લાખ રૂપિયા ટ્રાન્સફર કરી તે રકમ પોતાના દીકરાના ખાતામાં મેળવી લીધી હતી. કંપનીની તપાસમાં આ કૌભાડ બહાર આવતા કંપનીના માલિકે બોડકદેવ પોલીસ સ્ટેશનમાં મહિલા એકાઉન્ટ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. સાયન્સસિટીમાં રહેતા ગીરીશભાઈ રાવલે બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેમની કંપની કન્સ્ટ્રક્શન અને રોડ બિલ્ડીંગ બનાવવાનું કામકાજ કરે છે. તેમની કંપનીમાં અંજનાબેન પટેલ નામના મહિલા એકાઉન્ટ ઓફિસર તરીકે નોકરી કરે છે. અંજનાબેન કંપનીમાંથી જે પણ લોકોને રકમ ચૂકવવાની હોય તે લિસ્ટ લઈને તેમની પાસે આવતા અને સહી કરાવ્યા બાદ કંપનીમાંથી પૈસા ટ્રાન્સફર કરતા હતા. છેલ્લા કેટલાક સમયથી અંજનાબેનના બિલમાં શંકા જતા પાંચ વર્ષના બેંક સ્ટેટમેન્ટ તપાસ કરવામાં આવ્યા હતા. અંજનાબેને અલગ અલગ વ્યક્તિઓ જે તેમના સગા સંબંધી હતા તેમના ખાતામાં કુલ 84 લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. જ્યારે કંપનીએ અંજના બહેન પાસે ખુલાસો માંગ્યો ત્યારે તેમણે નોકરી આવવાનું બંધ કરી દીધું હતું. કંપનીએ તપાસ કરી ત્યારે અંજનાબેને તેમના 35 જેટલા અલગ અલગ ઓળખીતાના ખાતામાં કુલ 84 લાખ રૂપિયા ટ્રાન્સફર કરીને આ રકમ તેમના દીકરાને ખાતામાં મેળવી લીધી હતી.

## GCAS દ્વારા લેવાતી કોમન એન્ટ્રન્સ એક્ઝામ મોકૂફ: નવી તારીખ આગામી સમયમાં જાહેર કરાશે

### 2 ઓગસ્ટે ફિઝિયોથેરાપીમાં 775 અને ઓપ્ટોમેટ્રીમાં 17 વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના હતા

અમદાવાદ

અમદાવાદ સહિત રાજ્યમાં અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી વચ્ચે ગુજરાત કોમન એડમિશન સર્વિસ દ્વારા આવતીકાલે 2 ઓગસ્ટે યોજાનારી માસ્ટર ઓફ ફિઝિયોથેરાપી અને માસ્ટર ઓફ ઓપ્ટોમેટ્રી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ મુલતવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓની સલામતી અને મુસાફરીની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને પરીક્ષા રદ કરવામાં આવી છે. તેમજ પરીક્ષાની નવી તારીખ પણ હવે આગામી સમયમાં જાહેર કરવામાં આવશે. રાજ્યના અનેક જિલ્લામાં વરસાદ વરસી રહ્યો છે. તેમજ હજુ પણ અમદાવાદ સહિત અનેક જિલ્લાઓમાં રેડ એલર્ટ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેથી ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને ગુજરાત કોમન એડમિશન સર્વિસ દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આવતીકાલે એટલે કે રવિવારે




યોજાનારી માસ્ટર ઓફ ફિઝિયોથેરાપી (MPT) અને માસ્ટર ઓફ ઓપ્ટોમેટ્રી (M. Optometry) માટેની કોમન એન્ટ્રન્સ ટેસ્ટ હાલ પૂરતી મુલતવી રાખવામાં આવી છે.

રેડ એલર્ટની પરિસ્થિતિ હોવાથી પરીક્ષા મોકૂફ રાખવામાં આવેલ છે. કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં માસ્ટર ઓફ ફિઝિયોથેરાપીમાં 775 અને માસ્ટર ઓફ ઓપ્ટોમેટ્રીમાં પ્રવેશ માટે 17 જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના હતા. જે તમામ વિદ્યાર્થીઓને ફોન અને મેસેજ કરીને પણ પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હોવાની જાણ કરવામાં આવી છે.

ભારે વરસાદની શક્યતાને કારણે વિદ્યાર્થીઓની સુરક્ષા અને મુસાફરી દરમિયાન મુશ્કેલી સર્જાઈ શકે તેવી સ્થિતિને જોતા કોમન એન્ટ્રન્સ ટેસ્ટ મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

તેમજ GCAS દ્વારા પરીક્ષાની નવી પણ આગામી સમયમાં જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. GCAS પોર્ટલના માધ્યમથી જ નવી તારીખો જાહેર કરવામાં આવશે.

## ઇસનપુરમાં વેપારીની સાળીએ ભાણેજ પાસેથી દરવાજાનો પાસવર્ડ મેળવીને ચોરી કરી

અમદાવાદ

અમદાવાદના ઈસનપુર શાહઆલમ વિસ્તારમાં વેપારી નદીમમિયા બાગબાનના ઘરમાંથી 50 લાખના સોનાના દાગીનાની ચોરીનો ભેદ ઉકેલાયો છે. ઈસનપુર પોલીસે વેપારીની સાળી ફરહાનાઝ પઠાણની ધરપકડ કરી તમામ મુદ્દામાલ જપ્ત કર્યો છે. હોમ લોન ચૂકવવા માટે સાળીએ ભાણેજ પાસેથી પાસવર્ડ જાણી ચોરી કરી હતી. શહેરના ઈસનપુર શાહઆલમ વિસ્તારમાંથી એક વેપારીના મકાનમાંથી રૂપિયા 50 લાખની કિંમતના સોનાના દાગીનાની ચોરીના મામલે ઈસનપુર પોલીસે વેપારીની સાળીની ધરપકડ કરીને ચોરીનો તમામ મુદ્દામાલ જપ્ત કર્યો છે. હોમ લોન ચુકવવા માટે સાળીએ તેના બહેન-બનેવીના મકાનને ટારગેટ કર્યું હતુ અને ભાણેજને વિશ્વાસમાં લઈને મુખ્ય દરવાજાના પાસવર્ડને જાણીને તેણે ચોરી કરી હતી. શાહઆલમમાં આવેલા બાદશાહ કોલ્ડડ્રીક્સ પાસે આવેલા રોયલ નવાબ ફ્લેટમાં રહેતા નદીમમિયા બાગબાન નામના વેપારી ગત 26મી જુલાઈએ તેમના પરિવાર સાથે સાંજે બહાર જમવા માટે ગયા હતા અને પરત આવ્યા ત્યારે જોયુ તો ઘરમાંથી સોનાના દાગીના અને રોકડ સહિત 50 લાખની મત્તાની ચોરી થઇ હતી. જો કે ઘરમાં કોઇ તોડફોડ થઇ નહોતી. જેથી કોઇ જાણભેદુની સંડોવણી હોવાની શક્યતાને આધારે ઈસનપુર પોલીસે નદીમમિયાના ઘર નીચે રહેતી સગી સાળી ફરહાનાઝ પઠાણની પુછપરછ કરતા તે ભાંગી પડી હતી.


**અમદાવાદમાં ભારે વરસાદથી જનજીવન અને વેપાર બરબાદ!**

## અસરગ્રસ્ત નાગરિકો અને વેપારીઓને 1 વર્ષ માટે પ્રોપર્ટી ટેક્સમાંથી મુક્તિ આપવા જોરદાર માંગ!

### ધોધમાર વરસાદથી જળબંબાકારની સ્થિતિ: હાઈવે પર પાણી ભરાતા વાહન વ્યવહાર ઠપ્પ, પોલીસે ત્વરિત રેસ્ક્યૂ કામગીરી હાથ ધરી વૈકલ્પિક માર્ગો સૂચવ્યા

અમદાવાદ

મેગાસિટી અમદાવાદમાં તાજેતરમાં પડેલા અતિભારે વરસાદે ભારે વિનાશ નોતર્યો છે. મુશળધાર વરસાદને કારણે શહેરના નીચાણવાળા વિસ્તારો, સોસાયટીઓ, શોપિંગ કોમ્પ્લેક્સ અને બજારોમાં પાણી ઘૂસી જતાં અબજો રૂપિયાનું પારાવાર નુકસાન થયું છે. આ આકાશી આફતમાં સામાન્ય નાગરિકોની ઘરવખરી અને કિંમતી સામાન બરબાદ થઈ ગયા છે, તો બીજી તરફ વેપારીઓનો દુકાનો અને ગોડાઉનમાં રાખેલો કરોડો રૂપિયાનો માલસામાન પાણીમાં પલળી જતાં વેપાર-ધંધા સંપૂર્ણપણે ભાંગી પડ્યા છે. કરોડો રૂપિયાનું નુકસાન વેઠી રહેલા અમદાવાદીઓ



અને નાના-મોટા વેપારીઓની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. એક તરફ આર્થિક ફટકો પડ્યો છે અને બીજી તરફ મહાનગરપાલિકાના કરબોજનો મારો ચાલુ છે. આવી સ્થિતિમાં પ્રજા અને વેપારીઓ પ્રત્યે માનવતા અને સહાનુભૂતિ દાખવીને તંત્ર આગળ આવે તેવી ચોતરફથી માંગ ઊઠી રહી છે.

કોંગ્રેસ નેતા નિરવ બક્ષી અને પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સહિત વિપક્ષે આ મુદ્દે મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) અને શાસકો સામે અવાજ ઉઠાવ્યો છે. અમદાવાદના મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તેમજ રાજ્યના મુખ્યમંત્રી (CMO) અને પ્રધાનમંત્રી કાર્યાલય (PMO) સુધી રજૂઆત કરીને માગ કરવામાં આવી છે કે: વરસાદથી અસરગ્રસ્ત થયેલા તમામ નાગરિકો અને વેપારીઓને પ્રોપર્ટી ટેક્સમાંથી ૧ વર્ષ માટે સંપૂર્ણ રાહત/માફી આપવામાં આવે. વેપારીઓ અને નાગરિકો ફરી પગભર થઈ શકે તે માટે મ્યુનિસિપલ કોર્પોરેશન ખાસ રાહત પેકેજની જાહેરાત કરે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI